RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 139* Date: 10.03.2023, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### રાષ્ટ્રગીત સમયે બન્ને દેશના વડાપ્રધાન ટીમ સાથે ઊભા રહ્યા

# સ્ટીવ સ્મિથે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનના ખભે હાથ રાખ્યો, બન્નેએ પોત-પોતાના દેશના કેપ્ટનને કેપ પહેરાવી

**સ્ટીવ સ્મિથ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનના ખભે હાથ રાખીને ઊભો રહ્યો હતો. જ્યારે રોહિત શર્મા અને વડાપ્રધાન મોદી વચ્ચે થોડું અંતર હતું**



અમદાવાદ,તા.૯

અમદાવાદમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી અને અંતિમ ટેસ્ટની શરૂઆત યાદગાર બની હતી. જેમાં બન્ને દેશના વડાપ્રધાનો હાજર રહ્યા હતા. બન્ને વડાપ્રધાન એકસાથે મેદાન પર પહોંચ્યા હતા. બન્ને પહેલા પોતપોતાના દેશના ખેલાડીઓને મળ્યા હતા. મોદીએ રોહિતને અને અલ્બેનીઝ સ્ટીવ સ્મિથને કેપ પહેરાવી હતી. ત્યારબાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બે કેપ્ટન અને બે પીએમનો ઐતિહાસિક ફોટો ક્લિક કરવામાં આવ્યો હતો. મોદી અને અલ્બેનીઝે ગોલ્ફ કારમાં મેદાનની મુલાકાત પણ લીધી હતી.અને દર્શકોનું અભિવાદન કર્યું હતું.આ પહેલા સ્ટેડિયમ આવી પહોંચતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ,ગૃહમંત્રી હર્ષ સંઘલીએ વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું આ પ્રસંગે રાજયપાલ,બીસીસીઆઇના જય શાહ હાજર રહ્યાં હતાં.

આ ઉપરાંત મોદી ઓસ્ટ્રેલિયાના પીએમ અલ્બેનીઝ સાથે મેદાન પર પહોંચ્યા હતા. જ્યાં બન્ને દેશના વડાપ્રધાન રાષ્ટ્રગીત સમયે ટીમ સાથે ઊભા રહ્યા હતા. જેમાં સ્ટીવ સ્મિથ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનના ખભે હાથ રાખીને ઊભો રહ્યો હતો. જ્યારે રોહિત શર્મા અને વડાપ્રધાન મોદી વચ્ચે થોડું અંતર હતું.

જ્યાં બન્ને ટીમ રાષ્ટ્રગીત માટે ઊભી રહી હતી. કેપ્ટન રોહિત શર્માએ તમામ ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો.વડાપ્રધાને ટીમ ઈન્ડિયાના તમામ ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા હતા. આ પછી, રાષ્ટ્રગીતમાં પણ ટીમ સાથે ઊભા રહ્યા હતા. બાદમાં તેઓ પીએમ અલ્બેનીઝ સાથે સ્ટેન્ડ પર પાછા ફર્યા હતા.આ પહેલા એક વિશેષ ગાડીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને સ્ટેડિયમમાં દર્શકોનું અભિવાદન કર્યું હતું.

બંન્ને વડાપ્રધાનોએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગેલેરીનું નીરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ બંન્ને વડાપ્રધાનોને ક્રિકેટને લગતી માહિતી આપી હતી. અમદાવાદનું ક્રિકેટ સ્ટેડિયમ વિશ્વમાં સૌથી વધુ પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતું સ્ટેડિયમ છે. તેમાં ૧.૩૨ લાખ દર્શકો બેસી શકે છે. ત્યારે આ મેચ દરમિયાન એક દિવસમાં સૌથી વધુ સંખ્યામાં દર્શકોનો વર્લ્ડ રેકોર્ડ પણ બન્યો છે. અત્યારે આ વર્લ્ડ રેકોર્ડ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (ઓસ્ટ્રેલિયા)ના નામે છે. ૨૦૧૪માં એશિઝ સિરીઝની મેચ દરમિયાન એક જ દિવસમાં ૯૧,૧૧૨ દર્શકો હતા.સ્ટેડિયમમાં મોટાભાગે ભાજપના કાર્યકરો અને નેતાઓ જોવા મળ્યા હતાં. ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પૂર્વ પ્રમુખ અને રાજયસભાના સાંસદ નરહરી અમીન,ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરી સહિતના નેતાઓ હાજર રહ્યાં હતાં.

મેચ જોવા માટે મોટી સંખ્યામાં લોકો આજે વહેલી સવારથી જ મોટેરા સ્ટેડિયમ ખાતે પહોંચ્યા હતાં. મેચ જોવા માટે લોકોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો. માત્ર અમદાવાદના જ નહીં સુરત, ભાવનગર, રાજકોટ, વડોદરા, જામનગર, મહેસાણા, ગાંધીનગર સહિતના જિલ્લાઓમાંથી પણ મોટી સંખ્યામાં લોકો મેચ જોવા માટે આવ્યા હતાં.નાનાં બાળકો પણ મેચ જોવા માટે ઉત્સાહિત જોવા મળ્યા હતાં રોહિત શર્માની ટી શર્ટ પહેરી ભારતનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો આ મેચની તમામ ટિકિટો ભાજપ દ્વારા કાર્યકર્તાઓને આપવામાં આવી હતી. મેચની ટિકિટની સાથે સાથે નાસ્તા અને જમવાની ફૂડ કૂપનો પણ આપવામાં આવ્યાં હતાં. જે પણ કાર્યકર્તાઓ ટિકિટ સાથે મેચ જોવા માટે સ્ટેડિયમમાં આવ્યા હતા, તેઓને નાસ્તામાં કચોરી, ક્રીમ રોલ, ખમણ તેમજ સોફ્ટ ડ્રિંક્રમાં માઝાનું નાનું ટેટ્રા પેકેટ આપવામાં આવ્યું હતું.

જેમાં ખેલાડીઓ અને ટીમના ફેન પણ આવ્યા છે. દરેક મેચમાં હાજર રહેતા ધોનીના ફેન મહેશ સ્ટેડિયમ બહાર આવ્યો હતો અને દેશનો તિરંગો લહેરાવ્યો હતો. જ્યારે ટીમ ઇન્ડિયાનો ફેન અરુણ હરિયાણી પણ આવ્યો હતો અને ભારત માતા કી જયના નારા લગાવ્યા હતા, તો અન્ય એક ફેન વ્હીલચેર પર પણ આવ્યો હતો. ટેસ્ટ સિરીઝની અંતિમ મેચમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલબેનીઝએ પણ હાજરી આપી હતી. જેમાં બન્ને દેશના પીએમની હાજરીમાં ટૉસ થયો હતો. ઓસ્ટ્રેલિયાના કેપ્ટને ટૉસ જીતીને પહેલાં બેટિંગ લીધી છે. ટીમ ઈન્ડિયાએ પોતાની પ્લેઈંગ-૧૧માં એક ફેરફાર કર્યો છે. મોહમ્મદલ સિરાજની જગ્યાએ મોહમ્મદ શમીને સ્થાન મળ્યું છે. થોડા સમય બાદ બન્ને વડાપ્રધાન સ્ટેડિયમ ખાતેથી રાજભવન જવા રવાના થયા હતા.

## મહારાષ્ટ્ર રાજ્યમાં ખેડૂતોએ છેતરપિંડી કરીને પાક વીમાનો લાભ લીધો હોવાનો ખુલાસો થયો

### કેળા, દાડમ અને મીઠા ફળોના વાવેતર સાથે સંકળાયેલા ઘણા ખેડૂતોએ નકલી વૃક્ષોનો દાવો કરીને વીમાના નાણાં ઊભા કર્યા

મુંબઇ,તા.૯

મહારાષ્ટ્રમાં ઘણા ખેડૂતોએ છેતરપિંડી કરીને પાક વીમા યોજનાનો લાભ લીધો છે. આરટીઆઈ અરજી બાદ આ ખુલાસો થયો છે. કેળા, દાડમ અને મીઠા ફળોના વાવેતર સાથે સંકળાયેલા ઘણા ખેડૂતોએ નકલી વૃક્ષોનો દાવો કરીને વીમાના નાણાં ઊભા કર્યા.

આ ઘટનાના ખુલાસા બાદ હવે કેન્દ્ર સરકારે રાજયને આ મામલાની તપાસ કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે એવું કહેવામાં આવી રહ્યું છે કે નકલી ખેડૂતોની ઓળખ કરીને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

ગયા વર્ષે કૃષિ વિભાગને એક આરટીઆઇ અરજી મળી હતી. આ અરજી અંતર્ગત મીઠા લીંબુના બગીચામાં થયેલા કથિત નુકસાન માટે વીમાના દાવા અંગે સબમિટ કરાયેલા દસ્તાવેજોની વિગતો માંગવામાં આવી હતી. ત્યારબાદ કૃષિ વિભાગે દાવેદારની વિગતો, જેમાં આધાર કાર્ડ, બેંક વિગતો અને બગીચાના જીઓટેગ કરેલા ફોટોગ્રાફસનો સમાવેશ થાય છે, આરટીઆઇ અરજદાર સાથે શેર કર્યો.

ખાસ વાત એ છે કે સાંગલી જિલ્લાના જાટ તાલુકાના બાલાગાંવ ગામના ખેડૂતોએ ચીટીંગ કરીને પાક વીમાનો લાભ લીધો છે.

વિગતો મેળવ્યા પછી, આરટીઆઈ અરજદાર અને બગીચાના કાનૂની માલિક શિવાનંદ નાગપ્પા નીલાએ વિભાગને જણાવ્યું હતું કે પાક વીમામાં છેતરપિંડી કરવામાં આવી હતી. તેણે કહ્યું કે હું મોસમી પાકની ખેતી કરું છું, પણ મીઠો ચૂનો નથી ઉગાડતો. શિવાનંદ નાગપ્પા નીલા અનુસાર, શવરસિદ્ધ સાઈબન્ના દુગ્ધીએ કથિત રીતે તેમની જમીનનો ઉપયોગ વીમાનો દાવો કરવા માટે કર્યો હતો. આ માટે તેણે બિન-નોટરાઈઝ્ડ લીઝ ડીડ સબમિટ કરી હતી, જ્યારે શિવાનંદે વિભાગને જણાવ્યું હતું કે તેણે તેની જમીન લીઝ પર આપી નથી.

કૃષિ વિભાગના અધિકારીઓએ ખુલાસો કર્યો છે કે આ વર્ષની શરૂઆતમાં, દુગ્ધીએ વર્તમાન (જુલાઈ-જૂન) વીમા વર્ષમાં કથિત 'પાકના નુકસાન' માટે વળતર તરીકે ૧.૫૮ લાખ રૂપિયાનો દાવો કર્યો હતો.

આ વીમાની રકમ તેમના ખાતામાં પણ પહોંચી ગઈ હતી. જ્યારે વિભાગના સ્ટાફે તપાસ શરૂ કરી તો દુગ્ધીએ પૈસા પરત કર્યા. જોકે તેની સામે કોઈ કેસ નોંધવામાં આવ્યો ન હતો.

વિભાગને જાણવા મળ્યું કે આરોપીઓએ વીમા વર્ષ ૨૦૨૧-૨૨માં પણ આવી જ મોડસ ઓપરેન્ડી અપનાવી હતી અને ૧૭.૪૪ હેક્ટરમાં કથિત રીતે ઉગાડવામાં આવેલા પાક પર ૨.૧૦ લાખ રૂપિયાનો દાવો કર્યો હતો. પછી તેણે જાટ તાલુકાના બાલાગાંવ અને હલ્લી ગામમાં વીમો કરાવ્યો. તે જ સમયે, કૃષિ પ્રધાન અબ્દુલ સત્તારના કાર્યાલયે કહ્યું કે કમિશનરે જમીની સત્ય જાણવા માટે તપાસના આદેશ આપ્યા છે.

વિભાગના રેકોર્ડ મુજબ છેતરપિંડીની યાદી ઘણી મોટી છે.

કોલ્હાપુર, જલગાંવ, સોલાપુર, ધુલે, નાગપુર અને પુણેમાં આવા જ કૌભાંડો પ્રકાશમાં આવ્યા છે. એકલા કોલ્હાપુર જિલ્લામાં, આલાસ ગામના ૩૬ ખેડૂતોએ વર્ષ ૨૦૨૨-૨૩માં તેમના 'દ્રાક્ષના બગીચા'ને થયેલા નુકસાન માટે પાક વીમાનો દાવો કર્યો હતો. જમીનની તપાસમાં જાણવા મળ્યું કે ગામમાં પાકનો નાશ થયો નથી.એ જ રીતે મહારાષ્ટ્રના જલગાંવમાં ૭૭,૩૪૭ ખેડૂતોએ ૮૧,૦૧૬.૦૬ હેક્ટરમાં ઉગાડેલા પાક માટે વીમાનો દાવો કર્યો હતો. અહીં પણ તપાસમાં બહાર આવ્યું છે કે ૨૧,૪૧૩.૧૯ હેક્ટરમાં કેળાનું વાવેતર નથી.

તે જ સમયે, પુણેમાં ૬૪ ખેડૂતોએ તેમના દાડમના પાકનો વીમો લીધો હતો. માત્ર બે ખેડૂતો પાસે દાડમના બગીચા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

## મનીષ સિસોદિયાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અલગ વોર્ડમાં રાખવામાં આવ્યાઃ જેલ અધિકારી



નવીદિલ્હી,તા.૯

દિલ્હી આબકારી નીતિને બનાવવા અને લાગુ કરવામાં કથિત ભ્રષ્ટાચાર મામલે ધરપકડ કરેલા મનીષ સિસોદિયાને તિહાડ જેલમાં રાખવામાં આવ્યા છે. ત્યારે પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા સૌરભ ભારદ્વાજે બુધવારે આરોપ લગાવ્યો કે પાર્ટી નેતા મનીષ સિસોદિયાને તિહાડ જેલમાં ખતરનાક કેદીઓની સાથે રાખવામાં આવ્યા છે. ત્યારે આપના રાજ્યસભા સભ્ય સંજય સિંહે પણ આરોપ લગાવતા જેલમાં સિસોદિયાની હત્યાની આશંકા વ્યક્ત કરી છે.

આ કડીમાં જેલ અધિકારીએ આપના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. કહ્યું કે સિસોદિયાને તેમની સુરક્ષાને ધ્યાનમાં રાખતા અલગ વોર્ડમાં મોકલી આપવામાં આવ્યા છે. સીજે-૧ જે વોર્ડમાં તે બંધ છે, ત્યાં ઓછામાં ઓછા કેદીઓ છે, જે ગેંગસ્ટર નથી. જેલની અંદર સારૂ વર્તન કરી રહ્યા છે. તેમની સુરક્ષા માટે જેલ નિયમો મુજબ તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

આપના રાજયસભા સભ્ય સંજય સિંહે આરોપ લગાવ્યો છે કે તિહાડ જેલમાં આપના નેતા મનીષ સિસોદિયાના જીવને જોખમ છે. તેમને સિસોદિયાની હત્યાની આશંકા વ્યક્ત કરી છે. એટલું જ નહીં, આરોપ લગાવવામાં આવ્યો છે કે જેલમાં સિસોદિયાને ખુંખાર કેદીઓની વચ્ચે રાખવામાં આવ્યા છે. ત્યારે પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા સૌરભ ભારદ્વાજે કહ્યું કે મનીષ સિસોદિયાને જેલના વિપશ્યના સેલમાં રાખવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો, જેની મંજૂરી કોર્ટે આપી દીધી હતી પરંતુ તેમ છતાં તેને અન્ય ગુનેગારોની સાથે ૧ નંબરની જેલમાં રાખવામાં આવી રહ્યા છે. કેન્દ્રએ આનો જવાબ આપવો જોઈએ.

તમને જણાવી દઈએ કે દિલ્હી આબકારી નીતિને બનાવવા અને લાગુ કરવામાં કથિત ભ્રષ્ટાચારના મામલે દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ અને આપ નેતા મનીષ સિસોદિયાની ધરપકડ થઈ છે. ૨૦ માર્ચ સુધી સિસોદિયા તિહાડ જેલમાં ન્યાયિક કસ્ટડીમાં રહેશે. સીબીઆઈએ સિસોદિયાની ધરપકડ કરી હતી.

મનીષ સિસોદિયાને તિહાર જેલમાં સિનિયર સિટીઝન સેલમાં રાખવામાં આવ્યા છે અને જેલના નિયમો અનુસાર તેમને અન્ય કેદીઓની જેમ મૂળભૂત વસ્તુઓ અને ભોજન આપવામાં આવી રહ્યું છે. જેલ પ્રશાસનના જણાવ્યા અનુસાર સિસોદિયા પોતાની સાથે ભગવદ ગીતાની કોપી લઈને જેલ પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે કોર્ટે જે અન્ય વસ્તુઓને મંજૂરી આપી છે તે હજુ સિસોદિયાના ઘરેથી આવી નથી. જેલના નિયમો અનુસાર ૬ માર્ચની રાત્રે તેને ધાબળો, સાબુ, ટૂથપેસ્ટ, બ્રશ વગેરે આપવામાં આવ્યા હતા

## મોડી રાત્રે બેકાબુ થારે અનેક વાહનોને અડફેટે લીધા, બે ના મોત, સાત લોકો ઈજાગ્રસ્ત

નવીદિલ્હી,તા.૯

હોળીના તહેવારના દિવસે રાજધાની દિલ્હીના મલાઈ મંદિર વિસ્તારમાં બુધવારે રાત્રે એક ઝડપી થાર વાહને ૯ લોકોને કચડી નાખ્યા હતા. બેકાબૂ થાર સાથે ૨ અન્ય વાહનો પણ અથડાયા હતા. અકસ્માતમાં ઘાયલ થયેલા તમામ લોકોને એઈમ્સમાં લઈ જવામાં આવ્યા છે. જો કે બે ઈજાગ્રસ્તોએ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો, જ્યારે ૭ ગંભીર ઈજાગ્રસ્તો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યાં છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર આ કેસમાં આરોપી ડ્રાઈવરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. આ જાણકારી પોલીસ સ્ટેશન બસંત વિહારના અધિકારીઓએ આપી છે.અહેવાલો અનુસાર આ ઘટના દક્ષિણ પશ્ચિમ જિલ્લામાં સ્થિત વસંત બિહાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. જણાવવામાં આવી રહ્યું છે કે નિયંત્રણ ગુમાવવાને કારણે થાર પોલ સાથે અથડાઈ અને પછી અન્ય વાહનોને કચડી નાખ્યા. થારની સ્પીડ એટલી વધારે હતી કે તેની ટક્કરથી અન્ય બે કારના ટુકડા થઈ ગયા હતા. કારમાં હાજર લોકોને પણ ઈજા થઈ હતી. સામેથી આવતી એક સાયકલને પણ અડફેટે લીધી, તો રસ્તાની બાજુમાં બનાવેલી બાઉન્ડ્રી સાથે અથડાતા જ થાર રમકડાની જેમ પલટી ગઈ. અકસ્માત સમયે ત્યાંથી પસાર થતા લોકો અને સ્થાનિક લોકોમાં દોડધામ મચી ગઈ હતી.

## બેઝિક ડિગ્રી કોર્સ કર્યા વગર ઓપન યુનિવર્સિટીમાંથી પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી માન્ય નથીઃ સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૯

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં પુનરોચ્ચાર કર્યો હતો કે એક ઉમેદવાર, જેણે મૂળભૂત ડિગ્રી અભ્યાસક્રમ પસાર કર્યા વિના ઓપન યુનિવર્સિટીમાંથી અનુસ્નાતકની ડિગ્રી મેળવી છે, તે માન્ય નથી. જસ્ટિસ હૃષિકેશ રોય અને સંજય કરોલની ડિવિઝન બેન્ચે અવલોકન કર્યું હતું કે મૂળભૂત અંડરગ્રેજ્યુએટ કોર્સ કર્યા વિના ઓપન યુનિવર્સિટીમાંથી મેળવેલી અનુસ્નાતક ડિગ્રી સ્વીકાર્ય છે કે કેમ તે અન્ય ચુકાદામાં પહેલેથી જ જવાબ આપવામાં આવ્યો છે – અન્નામલાઈ યુનિવર્સિટી વિ. સરકારના સચિવ, માહિતી અને પ્રવાસન વિભાગ હતી.

ખંડપીઠે અવલોકન કર્યું, "એન. રમેશ વિ. સિબી મદન ગેબ્રિયલ (૨૦૦૮) ૩ એમએલજે ૨૫૫ માં હાઈકોર્ટે જણાવ્યું હતું કે મૂળભૂત ડિગ્રી વિના ઓપન યુનિવર્સિટી દ્વારા મેળવેલી અનુસ્નાતક ડિગ્રી સ્વીકાર્ય નથી. હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખવામાં આવ્યો હતો. આ અદાલતે અન્નામલાઈ યુનિવર્સિટી વિ. સરકારના સચિવ, માહિતી અને પ્રવાસન વિભાગ (૨૦૦૯) ૪ એસીસી ૫૯૦. હાલના કિસ્સામાં, અરજદાર, ઉમેદવાર હોવાને કારણે, તમિલનાડુ પબ્લિક સર્વિસ કમિશન દ્વારા જારી કરાયેલ સીધી ભરતીની નોટિસનો જવાબ આપ્યો.

૨૦૦૮ માં. સૂચનામાં પોસ્ટ માટે આવશ્યક શૈક્ષણિક લાયકાતની વિગતો જરૂરી હતી. અરજદારે ઓપન યુનિવર્સિટીમાંથી અનુસ્નાતકની ડિગ્રી મેળવી હતી, જો કે તે પહેલાં કોઈ સ્નાતક અભ્યાસક્રમનો અભ્યાસ કર્યો ન હતો.

અન્નામલાઈ યુનિવર્સિટીના કેસ પર આધાર રાખતા, હાઈકોર્ટે જણાવ્યું હતું કે અનુસ્નાતકની ડિગ્રી મેળવનાર ઉમેદવારને માત્ર ત્યારે જ માન્ય ગણવામાં આવશે. જો ઉક્ત ડિગ્રી મૂળભૂત ડિગ્રી કોર્સમાંથી પસાર થયા પછી પ્રાપ્ત કરવામાં આવી હોય.

નારાજ થઈને અરજદારે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. બદલામાં, કોર્ટે અવલોકન કર્યું કે મેમોરેન્ડમ અરજદાર જેવા ઉમેદવારોને કોઈ લાભ આપતું નથી, જેમણે મૂળભૂત ડિગ્રી અભ્યાસક્રમ પસાર કર્યા વિના પોસ્ટ ગ્રેજ્યુએટ લાયકાત મેળવી હતી. હાઈકોર્ટના ચુકાદાને કોઈ "અસ્થિરતા" ન હોવાનું અવલોકન કરીને, ડિવિઝન બેન્ચે એસએલપી ફગાવી દીધી હતી.

## તંત્રી સ્થાનેથી...

# નિષ્ફળતા ઢાંકવા આરોપોનો મારો

*બ્રિટનની મુલાકાતે ગયેલા રાહુલ ગાંધીએ ત્યાં અત્યાર સુધી જેવાં વક્તવ્ય આપ્યાં છે, તેનાથી એ સાબિત થાય છે કે તેઓ આગલ પણ ભાજપ અને મોદી સરકાર પર નિશાનો સાધતા રહેશે અને એ ક્રમમાં દેશને નીચાજોણું કરાવવામાં કશો સંકોચ નહીં રાખે. એ સમજાય છે કે તેઓ મોદી સરકાર પર આક્રમક થાય, પરંતુ એવાં નિવેદન એક રીતે તેમની ખીજ દર્શાવે છે કે ભારતમાં લોકતંત્ર ખતમ થઈ રહ્યું છે અને મોદી સરકારના નેતૃત્વમાં દેશની ઓળખને ખતમ કરવાનું કામ થઈ રહ્યું છે.*

*એનાથી પણ ખરાબ વાત એ છે કે તેઓ પોતાને સાચા સાબિત કરવા માટે જૂઠ્ઠાણાંનો સહારો લઈ રહ્યા છે. તેમનું માનીએ તો તેમના જેવા નેતાઓને ભારતમાં કોઈ યુનિવર્સિટી અને ત્યાં સુધી કે સંસદમાં પણ બોલવાની અનુમતિ નથી. આ હડહડતું જૂઠ્ઠાણું જ નહીં, દેશને લાંછિત કરવા અને જાણીજોઈને તેની ખોટી તસવીર રજૂ કરવાની કોશિશ છે. આવી કોશિશ તો વિદેશમાં બેઠેલા ભારત વિરોધી તત્તવો કરે છે. ગત દિવસોમાં જ્યારે આવી જ એક કોશિશ જીનિવામાં સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદ સામે ભારતને બદનામ કરતા પોસ્ટર લગાવીને કરવામાં આવી તો ભારતીય વિદેશ મંત્રાલયે સ્વિટ્ઝરલેન્ડના રાજદૂતને બોલાવી વાંધો ઉઠાવ્યો. શું એનાથી ખરાબ વાત બીજી કોઈ હોઈ શકે કે રાહુલ ગાંધીનાં વક્તવ્ય વિદેશમાં સક્રિય ભારત વિરોધી તત્ત્વોની ભાષા સાથે મેળ ખાય?*

*રાહુલ ગાંધીને તો એનો આભાસ નહીં હોય કે તેમનાં ધડ-માથા વગરનાં નિવેદનો તેમની વધી-ઘટી પ્રતિષ્ઠા ખતમ કરવાનું કામ કરી રહ્યાં છે, પરંતુ તેમના એ સલાહકારોને તો એનો આભાસ હોવો જ જોઈએ, જેમણે તેમનાં ભાષણો પર ઢાંકપિછોડો કરવો પડે છે કે પછી તેને પોતાની રીતે પરિભાષિત કરવા પડે છે. જો રાહુલ ગાંધીએ પોતાનું વલણ ન સુધાર્યું તો તેમને કોઈ ગંભીરતાથી નહીં લે. તેઓ ક્યારેક ચીનનાં વખાણ કરે છે તો ક્યારેક અફસોસ વ્યક્ત કરે છે કે અમેરિકા અને યુરોપ ભારતમાં હસ્તક્ષેપ કેમ નથી કરતા?! તેમનાં આવાં બાલિશ નિવેદનો એ ધારણાને ધ્વસ્ત કરે છે કે ભારત જોડો યાત્રાએ તેમના ચિંતનને પ્રભાવિત કરવાનું કામ કર્યું છે. હવે તો લાગે છે કે તેમણે એ યાત્રા દ્વારા પોતાની જે આભાસી છબિ ઊભી કરી હતી તેની પોતાના હાથે જ પોલ ખોલી રહ્યા છે.*

*આ બાજુ ભાજપે રાહુલ પર વળતો પ્રહાર કરતાં કહ્યું કે પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સંપૂર્ણ રીતે માઓવાદી વિચારો અને અરાજક તત્ત્વોની ચુંગાલમાં છે. રાહુલના આરોપો પર ભારતમાં ચર્ચા તેજ થઈ તો માહિતી પ્રસારણ મંત્રાલયના વરિષ્ઠ સલાહકાર કંચન ગુપ્તાએ થોડા આંકડા રજૂ કરી ચિત્ર સ્પષ્ટ કર્યું છે. સંસદમાં પોતાને બોલવા નથી દેવાતા એવા આરોપ સામે તથ્ય એ છે કે રાહુલ ગાંધીની સદનમાં હાજરી માત્ર ૫૨ ટકા છે, જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૭૯ ટકા છે. એટલું જ નહીં, રાહુલ ગાંધી હાલનાં કેટલાંક વર્ષોમાં આખા સત્રમાં નથી આવ્યા. ૨૦૨૨ના શિયાળુ સત્રમાં રાહુલ ગાંધીએ એક પણ દિવસ હાજરી જ ન આપી. એવું જ ૨૦૨૦ના ચોમાસું સત્રમાં કર્યું. સરેરાશ સાંસદોએ ૪૧ ડિબેટમાં ભાગ લીધો, જેની રાજ્ય સરેરાશ ૬૮.૨ ટકા છે, જ્યારે વાયનાડથી સાંસદ રાહુલ ગાંધીનો સ્કોર માત્ર ૬ ટકા છે! અત્યાર સુધી રાહુલ ગાંધી એક પણ પ્રાઈવેટ મેમ્બર બિલ પણ રજૂ નથી કરી શક્યા. આ આંકડા જોતાં રાહુલ ગાંધીનાં જૂઠ્ઠાણાં ઉઘાડાં પડી જાય છે કે ભારતની સંસદમાં વિપક્ષને ખામોશ કરી દેવામાં આવે છે.*

## પડી ગઈ

સખીને ચર્મચક્ષુથી નિહાળ્યા,
તો સુલેહ શાંતિભંગની પડી ગઈ.
સખીને પ્રેમ પ્રસ્તાવ રજૂ કર્યો .
તો છેડતી -વિનયભંગની પડી ગઈ.
ક્યાંક જતી સખીનો રસ્તો રોક્યો,
તો ફરજ રુકાવટની પડી ગઈ.
સખી સાથે લગ્ન કરવા જાન જોડી,
તો ગેરકાયદે મંડળીની પડી ગઈ.
સખી સાથે પ્રભુતામાં પગલા પાડ્યા ,
તો કાયમી સાત ભવની પડી ગઈ.

ભરત વૈષ્ણવ
૮.૩.૨૦૨૧. કાવ્ય

# દેશનો જંગલ વિસ્તાર વધારવા મારા ઘરના બગીચામાં ઉગાડેલા ચણાના ઘટાદાર વૃક્ષોને ગણતરીમાં લઇ લો.

જગતમાં વૃક્ષોની સંખ્યા કેટલી એમ તમને પૂછવામાં આવે તો માથું ખંજવાળવાનો વિકલ્પ તમારી પાસે શેષ રહે છે.

એક અંદાજ મુજબ વિશ્વમાં ૩.૦૪ ટ્રિલિયન અથવા ૩૪ ખર્વ એટલે ૩૪૦૦૦૦ કરોડ વૃક્ષો છે. અલબત,પૃથ્વી પર વૃક્ષોની સંખ્યા હવે અડધી રહી ગઈ છે. યુરોપ જે અગાઉ જંગલોથી ઢંકાયેલું હતું, તે હવે ખેતી માટે ઘણી જમીનનો ઉપયોગ કરી રહ્યું છે. વિશ્વના ઘણા ભાગોમાં આવી જ સ્થિતિ છે, જ્યાં જંગલોને કાપીને ખેતરોમાં ફેરવવામાં આવ્યા છે.

વિશ્વમાં દર વર્ષે ૧૫૦૦ કરોડ વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે, જ્યારે તેમની જગ્યાએ ૫૦૦ કરોડ નવા વૃક્ષો વાવવામાં આવી રહ્યા છે. છોડમાંથી વૃક્ષ બનવાની પ્રક્રિયામાં આનો મોટો ભાગ દમ તોડી દે છે. દર વર્ષે વિશ્વના ઘણા ભાગોમાંથી જંગલમાં આગ લાગવાના અહેવાલો આવે છે. સાથે જ જંગલો પણ કાપવામાં આવી રહ્યા છે

દુનિયાનું સૌથી મોટું વર્ષાવન એટલે કે રેનફોરેસ્ટને એમઝોનિયા કે અમેઝોન વન કહે છે. દક્ષિણ અમેરિકાના અમેઝોન બેસીનના એક મોટા ભૂ-ભાગ પર ફેલાયેલું આ એક પહોળા પત્તા અને ભેજવાળું વન છે જે ૧૭ લાખ વર્ગ કિલોમીટર ક્ષેત્રમાં ફેલાયેલું છે.આ ક્ષેત્ર ૯ દેશોની સરહદોમાં પડે છે.જેનું અસ્તિત્વ લગભગ ૫૫ મિલિયન વર્ષોથી છે. અહિં દુનિયાના ૧૦ ટકાથી વધારે પ્રજાતિયોના જીવ-જંતુ અને ૨૦૦ થી વધારે પ્રજાતિયોના પક્ષીઓ મળી આવે છે. આ જંગલ લગભગ ૧૬ હજાર વૃક્ષોની પ્રજાતિયો અને ૩૯૦ બિલિયન વૃક્ષોનું ઘર છે. દુનિયાની લગભગ ૨૦ ટકા ઓક્સિજન અમેઝોનના વર્ષાવનથી પેદા થાય છે. અહિ જમીન સુધી સૂર્યના કિરણો પણ પહોંચી શકતા નથી . આ જંગલ માટે કહેવાય છે કે, જો તે કોઈ દેશ હોત તો તે દુનિયાનૌ સૌથી મોટા દેશના લિસ્ટમાં નવમા ક્રમે હોત. જો કે, જંગલ માટે વૈજ્ઞાનિકોનુ કહેવુ છે કે, એક સમય એવો આવશે જ્યારે આ જંગલ નહીં હોય અને માત્ર મેદાન જ દેખાશે.અહીંની હરિયાળી ખતમ થઈ જશે!!! ૨૦૬૪ સુધીમાં એમેઝોનના જંગલો ખતમ થઈ જશે. જંગલમાં વારંવાર લાગતી આગ, દુકાળ, બેફામ રીતે કપાતા વૃક્ષો આ માટે જવાબદાર હશે.

વૃક્ષો અને જંગલ પૃથ્વી પર કાર્બન ડાયોકસાઇડને શોષી લેતા સૌથી મોટા કુદરતી પંપ છે. જે અશુધ્ધ હવાને શુધ્ધ કરીને ઓકસીજન આપે છે. જળવાયુ સુરક્ષા માટે મહત્વની ભૂમિકા ભજવતા જંગલોનું મહત્વ બધા જ જાણે છે પરંતુ તમને એ જાણીને નવાઇ લાગશે કે વૈશ્વિક કાર્બન ચક્રમાં સડેલાઅને મૃત વૃક્ષોના અવશેષો અને કોહવાટમાંથી અંદાજે ૧૦.૯ ગીગાટન જેટલો કાર્બન ડાયોકસાઇડ નિકળે છે. જંગલોમાં અવશેષો અને પોષક તત્વોનું પુનચક્રણ (રીસાયકલ) એક ખૂબ મોટી સમસ્યા છે. દુનિયા ભરમાં સડેલા વૃક્ષોના અવશેષોમાંથી કાર્બન નિકળવાની પ્રક્રિયામાં કિટકોની ભૂમિકા ખૂબજ મહત્વની છે.

ભારતમાં દર વર્ષે ૨૫ હજાર હેક્ટર જંગલ નોન ફોરેસ્ટ્રી યુઝ માટે કપાય છે. તેમજ જંગલોમાં આગની ઘટનાઓ પણ સતત વધી રહી છે. ૨૦૧૧થી અત્યાર સુધીમાં જંગલમાં આગ લાગવાની ઘટના ૧,૧૭,૩૬૯ વખત બની છે. તેમાંથી માત્ર ૫ ટકા ઘટના કુદરતી કારણથી છે. આગ લાગવાથી વર્ષે હિમાચલમાં ૪૫૦૦ હેક્ટર અને ઉત્તરાખંડમાં ૩૧૮૫ હેક્ટર જંગલો નાશ પામ્યાં છે.

આપણે ત્યાં સર્વે ઓફ ઈન્ડિયા નામની સંસ્થા જંગલોની અધતન સ્થિતિ અંગે દર બે વરસે અહેવાલ બહાર પાડે છે. અહેલાલમાં થોડી ઘણી અતિશયોક્તિ આવવાની ! એના પિષ્ટિપિંજણમાં શું કામ પડવું જોઇએ?? સર્વે કહે કે વૃક્ષો વધ્યા તો વૃક્ષારોપણ, રોડ સાઇડ વનીકરણ, સામાજિક વનીકરણની અસર થઇ તેમ નિર્વિવાદપણે માની લેવું. જેમાં કશું નુકસાન નથી. તમારી નજર સામે રોડ બનાવવા ઘટાદાર વૃક્ષો કપાય તો તેની સામે અન્ય જગ્યાએ વૃક્ષારોપણ થાય છે. વૃક્ષની ઘટ સરભર થઇ જશે!! અરે, ભલાદમી વૃક્ષારોપણ હેઠળના રોપા બકરી ખાઇ જાય છે તો શું થયું ? દેશનું બકરીધન સુદ્રઢ થયું કે નહીં!!આવી ક્ષુલ્લક બાબતોમાં ઉર્જા બગાડવા કરતા ભાગલા વ્હોરાની જેમ વન મેન આર્મી થઇ વૃક્ષ વાવી, ઉછેરી વૃક્ષ કાપનારને હકારાત્મક જવાબ આપો!!

જંગલના સર્વેમાં નકશો પણ મુકવામાં આવેલા છે.તેને ઝૂમ કરતાં દિલ્હીના અકબર રોડ કે લુટિયન્સ ઝોનનો રહેણાક મોડેસ્ટ ફોરેસ્ટ એરિયા ગણ્યો છે!! બોલો તેમાં વાંધો શું છે? શહેરીકરણ કે વધારે મકાનોને આપણે સિમેન્ટ કોંક્રિટના જંગલો કહીએ છીએ! જે શબ્દસમુહમાં જંગલો શબ્દ નિહિત હોય તે વિસ્તારને જંગલ ગણવામાં મિડિયા કે તથાકથિત કર્મશીલોને શેનું પેટમાં દુખે છે?

વનોની ત્રણ શ્રેણી પાડવામાં આવી છે. ગાઢ,મધ્યમ અને ખુલ્લા વન.ખુલ્લા વનક્ષેત્ર વાસ્તવિક વન ક્ષેમ બહારના વિસ્તારો છે. ત્યાં એક હેકટર જમીન પર ૧૦% વિસ્તારમાં વૃક્ષો હોય છે. જંગલો જાહેર સંપતિ છે. આ દ્રષ્ટિકોણ મુજબ ચાના બગીચા કે નારિયેળીના બગીચા વ્યવસાયિક હોવાથી જંગલો ન કહેવાય. લો કર લો બાત. જંગલ જંગલ ન કહે તો કયાં દંગલ કહેંગે? ચાના બગીચા કે નારિયેળના બગીચાની માલિકી ખાનગી હોવાથી જંગલ મટી જાય તેનો વ્યવહાર અંધેરી નગરીના ગંડું રાજાના ન્યાય જેવો ગણાય!!જે ખેતરમાં ખેતી થતી હોય તે પણ જંગલ ન ગણાય તો કયામત આવી ગણાય!!

જંગલનો વિસ્તાર ગણવા માટે બંગલાના બગીચા , ચાના બગીચા, નારિયેળના બગીચા,બન્નીના ઘાસિયા મેદાન ,રણ પ્રદેશની ઝાડીઓને વન વિસ્તાર ગણી આપણે વન વિસ્તાર વધાર્યો, ગ્રીન કવર વધાર્યું તો એનજીઓના પેટમાં કેમ ચૂંક આવે છે? આ બધા કંઇ ફેકટરીઓમાં કયાં ઉત્પાદિત થયેલ છે???આવા નકારાત્મક માણસો, સંસ્થાઓને પેક કરીને યુક્રેનમાં પાર્સલ કરી દો.

દેશનો જંગલ વિસ્તાર વધારવા માટે મારા ઘરના બગીચામાં મહામહેનતે ઉગાડેલા ચણાના ઘટાદાર વૃક્ષોને ગણતરીમાં લઇ લો. દરેકના ઘરમાં ફૂલદાનીમાં કે કુંડામાં રોપેલ પ્લાસ્ટિકના છોડ-ઝાડ પણ ગણતરીમાં લઇ લો. છતાં વન વિસ્તાર ખૂટતો હોય તો માણસો-જનાવરોના રંવાટાવન, પાંપણો પણ ગણતરીમાં લઇ લો. બાય હુક ઓર કુક જંગલ વિસ્તાર હોવો જોઇએ તેના કરતા વધારે બનાવી દો એટલે બસ!!!

ભરત વૈષ્ણવ
૯.૩.૨૦૨૨.ઈ હાસ્ય

# શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા નવી પશુ આશ્રય સ્થાન પાંજરાપોળનું શંખેશ્વર ખાતે ઉદઘાટન કરાયું

શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા ટાટા હોસ્પિટલમાં કેન્સર પિડીત બાળકોને રોજ તાજા ફળોની વહેંચણી કરવામાં આવી રહી છે. રાજકોટની સદભાવના ટ્રસ્ટની મદદથી શંખેશ્વરથી વિરમગામ સુધીના રોડની બંને બાજુએ ૨૫૦૦ થી વધુ વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. વિરાર વજરેશ્વરી રોડ ઉપર આવેલ મેઢા ફાટા ગામમાં એક ૩૦ વ્યકિતઓ માટે વૃધ્ધાશ્રમનું નવનિર્માણ કરવામાં આવ્યું. શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા દાતાશ્રીઓનાં સહકારથી નવ નિર્મિત આશ્રય સ્થાન પાંજરાપોળ–શંખેશ્વર ખાતે કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ પાંજરાપોળ શંખેશ્વરના આશ્રય સ્થાનના દાતાશ્રી માતૃશ્રી સ્વ. વિમળાબેન ભુપતરાય દોશી પરીવાર (દાઠા નિવાસી) હસ્તે. જીવદયા પ્રેમી શ્રીમતી માલાબેન વિજયભાઈ દોશી (મુંબઈ)વાળા હતા. આ કાર્યક્રમનું સંચાલન સહયોગ ડી.કે. ગઢવી સાહેબ (સરપંચશ્રી—શંખેશ્વર ગામ) નો રહ્યો હતો.આ સમારોહમાં મુખ્ય અતિથિ વિશેષ વિજયભાઈ ડોબરીયા (પ્રમુખશ્રી—સદભાવના વૃધ્ધાશ્રમ, રાજકોટ), મિતલ ખેતાણી (મેમ્બર નેશનલ એડવાઈઝરી કમિટી, પશુપાલન અને ડેરી મંત્રાલય, ભારત સરકાર અને પ્રમુખશ્રી—શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, રાજકોટ), હરેશભાઈ વોરા તથા મહેન્દ્રભાઈ સંગોઈ (એક્રરવાલા અહિંસાધામ પાંજરાપોળ-કચ્છ), દેવેન્દ્રભાઈ જૈન(સમસ્ત મહાજન), રમેશભાઈ ઠક્કર(શ્રીજી ગૌશાળા), ધીરેન્દ્રભાઈ કાનાબાર અને પ્રતિકભાઈ સંઘાણી(એનીમલ હેલ્પલાઈન) તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) નાં પ્રમુખ જયેશભાઈ જરીવાલાએ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતની જમીન પર પાંજરાપોળનું નિર્માણ થવાથી ઘણા અબોલ પશુઓને મદદ અને સારવાર મળી શકશે. શંખેશ્વરનાં સરપંચ શ્રી ડી. કે ગઢવી સાહેબનો અને દાતાશ્રી સ્વ વિમળાબેન ભૂપતરાય દોશી પરિવારનાં હસ્તે શ્રીમતી માલાબેન વિજયભાઈ દોશીનો સહયોગ રહ્યો હતો. સદભાવના વૃદ્ધાશ્રમના વિજયભાઈ ડોબરિયાએ જણાવ્યું હતું કે વૃક્ષારોપણ ફક્ત જાતે કરવું એટલું જ નહિ એ કામ કરવાની પ્રેરણા અન્યોને પણ આપવી એ મહત્વનું છે. વૃક્ષ ફક્ત ઓક્સિજન નથી આપતું એ જીવે ત્યાં સુધી કોરોડો જીવોને તેમાંથી ભોજન મળી રહે છે. નાના નાના લાખો જીવો એ ઝાડમાંથી ભોજન ગ્રહણ કરતા હોય છે. એક વ્યક્તિ એક ઝાડ વાવીને કરોડો જીવોને ભોજન આપીને શાતા આપી શકે છે. સમગ્ર કાર્યક્રમને, દાતાશ્રીઓ તેમજ સર્વે જીવદયા પ્રેમીઓને પરમ પૂજ્ય સ્વામી નયપજ્ઞ મ.સાજીએ આશિર્વચન પાઠવ્યા હતા.

શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ)દ્વારા પ્રગટ પ્રભાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પાવન ભૂમિમાં શ્રી શંખેશ્વર ગ્રામ પંચાયત સંચાલિત તથા સહયોગથી શ્રી શંખેશ્વર ગ્રામ્ય વિસ્તારના નિરાશ્રિત તથા અકસ્માતમાં ઘાયલ થયેલ અબોલ પશુઓના આશ્રય તથા નિભાવ માટે નવ નિર્મિત આશ્રય સ્થાન પાંજરાપોળ–શંખેશ્વરનું નિર્માણ થયું છે. શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી જયેશભાઈ શાહ(જરીવાલા) (મો.૯૯૨૦૪ ૯૪૪૩૩), ભરતભાઈ મહેતા (મો.૯૩૨૨૨ ૨૨૯૨૮), શ્રી અશોકભાઈ લોઢા (મો.૯૮૨૦૨ ૭૪૬૨૦), શ્રી હિતેશભાઈ સંઘવી (મો.૯૮૭૦૦ ૪૩૨૭૨) તેમજ શ્રી આદિ જીન યુવક ચેરીટેબલ ટ્રસ્ટની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

## પીપળાનું મહત્વ :



- પીપળો એકમાત્ર એવું વૃક્ષ છે જે દિવસ અને રાત બંને સમયે ઑક્સીજન પૂરું પાડે છે.
- પીપળાના ૬-૭ તાજા પાંદડા લો અને તેને ૪૦૦ મિલી પાણીમાં નાંખો અને ૧૦૦ મિલી રહી જાય ત્યાં સુધી ઉકાળો, જ્યારે તે ઠંડુ થઈ જાય, ત્યારે વાસણ સ્ટીલ અને એલ્યુમિનિયમમાં ન નાખવું જોઈએ, આ પાણીના સેવનથી તમારું હૃદય એક દિવસમાં સ્વસ્થ થવા લાગશે.
- પીપળાના પાનમાં ભોજન ખાવાથી લીવરનાં રોગ મટે છે.
- પીપળાના સૂકા પાનનું ચૂર્ણ બનાવી તેમાં અડધી ચમચી ગોળ ભેળવીને સવાર-સાંજ ખાવાથી અસ્થમા મટે છે.
- પીપળાના ૪-૫ તાજા પાનને પીસીને પાણીમાં ભેળવીને પીવાથી કમળામાં ૧-૨ વારમાં આરામ મળે છે.
- પીપળાની છાલને ગંગાજળમાં ઘસીને ઘા પર લગાવવાથી તરત આરામ મળે છે. પીપળની છાલ તેમાં સાકર ભેળવીને દિવસમાં ૫-૬ વખત ચૂસવાથી કોઈપણ નશો દૂર થાય છે.
- પીપળાના પાનનો ઉકાળો પીવાથી ફેફસાં, હૃદય, પેટ અને લીવરના તમામ રોગો મટે છે.
- પીપળાના પાનનો ઉકાળો બનાવીને પીવાથી કિડનીના રોગો મટે છે અને પથરી તૂટી જાય છે અને દૂર થાય છે.
- તમને ગમે તેટલી ઉદાસીનતા હોય, દરરોજ ૩૦ મિનિટ પીપળના ઝાડ નીચે બેસો, તેનાથી ડિપ્રેશનનો અંત આવે છે.
- પીપળાના ફળ અને તાજા કોપલ સમાન માત્રામાં લઈ, તેને પીસી, સૂકવી, દાળમાં ભેળવી, દિવસમાં બે વાર લેવાથી સ્ત્રીઓના ગર્ભાશય અને માસિક ધર્મના તમામ રોગો મટે છે.
- પીપળાના ફળ અને તાજા કોપલે સમાન માત્રામાં લઈ, તેને પીસી, સૂકવી, દાળમાં ભેળવી, દિવસમાં બે વાર લેવાથી બાળકોની લિસ્પ મટે છે અને મગજ ખૂબ જ તેજ બને છે.
- જે બાળકોમાં હાયપરએક્ટિવિટી છે, જે બાળકો આખી રાત દોડે છે, ઓછી ઊંઘ લે છે, આ બાળકોને પીપળાના ઝાડ નીચે બેસાડો તો હાયપરએક્ટિવિટી ઓછી થાય છે.
- ઘૂંટણનો દુખાવો ગમે તેટલો જૂનો હોય, પીપળા નીચે બેસવાથી ૩૦-૪૫ દિવસમાં ખતમ થઈ જશે.
- શરીરમાં ગમે ત્યાંથી લોહી આવે છે, સ્ત્રીઓને માસિક સ્ત્રાવ સમયે અધિક રક્તસ્ત્રાવ થતો હોય, બાબાસીરમાં લોહી આવે છે, દાંત કાઢ્યા પછી લોહી આવે છે, ઈજા થાય છે, ત્યારે પીપળાના ૮-૧૦ પાનને પીસીને ગાળીને પીવાથી તરત જ લોહી આવતું બંધ થાય છે.
- શરીરમાંક્યાંયપણસોજો, દુખાવો, ગરમી હોય તો પીપળાના પાન બાંધો તો ઠીક થઈજશે.

- મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯)

# ભારત અને ઓસ્ટ્રેલિયાના ગાઢ શૈક્ષણિક સબંધોની ઉજવણી માટે વિશેષ કાર્યક્રમનું આયોજન; ગિફ્ટ સિટી ખાતે સ્થપાશે પ્રથમ ફોરેન યુનિવર્સિટી કેમ્પસ

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી એન્થની અલ્બનીઝ એમપી ગુજરાતના બે દિવસીય પ્રવાસે છે. ગુજરાતના ગિફ્ટ સિટી ખાતે ઓસ્ટ્રેલિયાની ડીકન યુનિવર્સિટીના સર્વપ્રથમ ઈન્ટરનેશનલ બ્રાન્ચ કેમ્પસ સ્થપાવા જઈ રહ્યું છે. ત્યારે ભારત અને ઓસ્ટ્રેલિયાના મજબૂત શૈક્ષણિક સબંધોની ઉજવણી માટે અમદાવાદ ખાતે આજે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનશ્રી, ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમજ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ડીકન યુનિવર્સિટીને ગુજરાતમાં આવકારતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાત આજે દેશનું રોલ મોડેલ બન્યું છે અને તેમના જ માર્ગદર્શનમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતને એજયુકેશન હબ બનાવવાનું મિશન પણ ગુજરાત સરકારે કાર્યાન્વિત કર્યું છે... સાથે સાથે એજયુકેશન પોલીસી અંતર્ગત ભારતની શિક્ષણ નીતિનું આંતરરાષ્ટ્રીય કક્ષાની બનાવવાની પહેલ પણ તેમના જ માર્ગદર્શનમાં કરવામાં આવી છે, એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારતમાં ફોરેન યુનિવર્સિટી સ્થાપવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જોઈન્ટ/ ડ્યુઅલ/ ડિગ્રી ડ્રાફ્ટ રેગ્યુલેશનનો સમાવેશ કરવામાં આવ્યો છે, એ પરિપ્રેક્ષ્યમાં ઓસ્ટ્રેલિયાની ડીકન યુનિવર્સિટી ગાંધીનગર નજીક ગિફ્ટ સિટીમાં તેનું આંતરરાષ્ટ્રીય કેમ્પસ શરૂ કરી રહ્યું છે, તે ગુજરાત માટે ગૌરવની વાત છે. ડીકન યુનિવર્સિટીનો 'ભારતમાં, ભારત સાથે અને ભારત માટે'નો અભિગમ આવકાર્ય છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારત અને ડીકન યુનિવર્સિટી વચ્ચે લગભગ છેલ્લા ત્રણ દશકથી સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ડીકન યુનિવર્સિટી અને ભારતીય શિક્ષણ સંસ્થાઓ, ઉદ્યોગ તથા સરકાર વચ્ચેની પાર્ટનરશીપ પરિણામલક્ષી બનશે, એટલું જ નહીં પરંતુ ઉદ્યોગ જગતમાં ગ્રેજ્યુએટ મેનપાવર ઉપલબ્ધ કરવા ગિફ્ટ સિટીએ નિશ્ચિત કરેલા લક્ષ્યાંકને સાકાર કરવા ડીકન યુનિવર્સિટી-ઈન્ટરનેશનલ બ્રાન્ચ કેમ્પસ સહાયરૂપ બનશે તેવો વિશ્વાસ છે. ગિફ્ટ સિટી એ વિશ્વ માટે ભારતનું પ્રથમ ફાઇનાન્શિયલ એન્ડ ટેકનોલોજી ગેટ-વે હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે ગિફ્ટ સિટીમાં બેંકિંગ, ઈન્શ્યોરન્સ અને ફાઇનાન્શિયલ માર્કેટમાં અંતરરાષ્ટ્રીય વ્યવહારો માટે વૈશ્વિક સ્તરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ છે.જે ઈન્ટરનેશનલ યુનિવર્સિટીઝ ગિફ્ટ સિટીમાં પોતાની બ્રાંચ કેમ્પસ ખોલવા માંગતી હોય તેમને તમામ સહયોગ આપવા ગુજરાત તત્પર છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ઓસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેલ્સ સાથે ગુજરાતે વર્ષ ૨૦૧૮માં સિસ્ટર સિટી એગ્રીમેન્ટ પણ કર્યો છે. એટલું જ નહીં ગુજરાત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે લાંબા સમયથી નાગરિક જોડાણ પણ રહ્યું છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈ આપવા ફ્રી-ટ્રેડ એગ્રીમેન્ટ(એફ.ટી.એ.) એક સક્ષમ માધ્યમ બન્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું હોવાનો ઉલ્લેખ કરી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, બાયલેટરલ રિલેશન્સ અને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો વિશેષ લાભ ગુજરાતને મળશે. ઓસ્ટ્રેલિયા અને ભારત એમ બંને દેશોએ દસથી વધુ સ્ટ્રેટેજિક સેક્ટર્સમાં સંભવિત સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

જેમ્સ એન્ડ જ્વેલરી, એગ્રીકલ્ચર, ટુરિઝમ, હેલ્થ એન્ડ ફાર્મા, તથા એનર્જી જેવા બહુવિધ ક્ષેત્રોમાં ગુજરાત ભારતનું અગ્રણી રાજ્ય છે, ત્યારે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પચાસ બિલિયન યુ.એસ. ડોલરના ટ્રેડ એન્ડ કોમર્સના સંભવિત લક્ષ્યને હાંસલ કરવા ગુજરાત પણ મહત્વપૂર્ણ પ્રદાન કરશે એવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે રાજયના મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ શ્રી તપન રે, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ. જે. હૈદર સહિત રાજયના ઉચ્ચ અધિકારીશ્રીઓ, યુનિવર્સિટીઝ ઑસ્ટ્રેલિયાના સીઈઓ સુશ્રી કેટરીના જેક્સન, ડીકન યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી જોન સ્ટેનહોપ, ડીકન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી પ્રો. લેન માર્ટીન, ગિફ્ટ સિટી તથા FSCAના અધિકારીઓ તથા શિક્ષણ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG.SS.NO.0095
વિષય:-બહુરંગી
પ્રકાર:- લેખ
શબ્દ:- ૩૩૮
શીર્ષક: જિંદગીનાં રંગ
રચના:-

*જિંદગી એટલે રંગોના સમૂહથી બનેલું જીવન. જીવનમાં સપ્તરંગી મેઘધનુષરૂપી રંગો હોય તો જ જીવવાની મજા આવે છે.*

*જિંદગીની કોઈ ચોક્કસ વ્યાખ્યા ન કરી શકાય. દરેક વ્યક્તિની જિંદગી જુદી અને અનોખી હોય છે. બે જિંદગીની સરખામણી ન થઈ શકે. એકસાથે જીવતા બે માણસની જિંદગી પણ જુદી જુદી હોય છે. જિંદગીની મજા જ એ છે. એક ઝાડનાં બે પાન, એક છોડનાં બે ફૂલ પણ અલગ અલગ જ હોવાનાં. દરિયાનું એક મોજું બીજા મોજાથી જુદું જ હોય છે. વાદળ પણ ક્યાં એકસરખાં હોય છે? જિંદગી એટલે જ રોમાંચક છે. કારણ કે એકની જિંદગી બીજાથી જુદી પડે છે.*

*બધાંની જિંદગી એકસરખી હોત તો કદાચ જિંદગીમાં કોઈ મજા જ ન હોત. મેઘધનુષનો રંગ એક જ હોત તો આપણને ગમત ખરું ?*

*મેઘધનુષ એટલે જ ગમે છે, કારણ કે એમાં અલગ અલગ રંગ હોય છે. જિંદગીના પણ અલગ અલગ રંગ છે. દરેક વ્યક્તિના અલગ અલગ ઢંગ છે. જિંદગીમાં એટલે જ આટલો ઉમંગ છે. જિંદગીના રંગો બદલતા રહે છે. કોઈ એક રંગ કાયમી રહેતો નથી. થોડા થોડા સમયે રંગ ઊડી જાય છે અને એક નવા રંગે જિંદગી રંગાઈ જાય છે.જિંદગીનો રંગ કાયમ ગુલાબી જ રહે એવું શક્ય નથી. એ ક્યારેક લાલ થાય છે અને ક્યારેક ભૂરો તો ક્યારેક જિંદગી પીળાં રંગ જેવી થઈ જાય છે અને ક્યારેક સાવ કોરી સફેદ ! જિંદગી જ્યારે કાળો રંગ ઓઢે ત્યારે આકરું લાગે છે. કાળા રંગથી જે ડરી જાય છે એ અંધારામાં જ રહે છે. માટે કાળા રંગને હટાવવો પડે છે. હા, થોડીક મહેનત પડે છે, પણ ધીમે ધીમે હટી જાય છે. પહેલાં થોડોક ભૂરો થાય છે અને પછી ધીમે ધીમે હટે છે.*

*તમારે પછી તમારી ઈચ્છા અને કલ્પનાનો રંગ પૂરવો પડે છે. જિંદગી એટલે રંગોળી બનાવતા રહેવાની કલા. માણસના રંગ પણ બદલાતા રહે છે. તમારે માણસના રંગને સ્વીકારવો પડે છે. તમે તમારો રંગ બદલી શકો. કોઈનો રંગ આપણાથી બદલી ન શકાય. તમે જો તમારા રંગનું સન્માન કરતા હોવ તો તમારે બીજાના રંગનો પણ આદર કરવો પડે. ગમે કે ન ગમે, યોગ્ય હોય કે ન હોય, જે હોય તે સ્વીકારવો પડે.*

*માટે જ કહેવાય છેને કે, "દુનિયા રંગરંગીલી બાબા, દુનિયા રંગરંગીલી !"*

*લેખક/ લેખિકા:-દીપિકા ચાવડા "તાપસી"*

# મોહનથાળ માત્ર પ્રસાદ નહિ, માં અંબાના આશીર્વાદ છે

શ્રી મોટા અંબાજી મંદિર માં મોહનથાળ, એ ફકત એક મીઠાઈ નથી તેમાં માં અંબા ના આશીર્વાદ અને સ્વયમ માતાજી નો વાસ હોય છે. તે ધાર્મિક વિધિ વિધાન થી તૈયાર કરવા માં આવે છે. જે કોઈ જવાબદાર અધિકારી એ મોહનથાળ પ્રસાદ પર પ્રતિબંધ મુકેલ છે, તે એમનું આ પહેલું સ્વ નિર્ણય નથી, એ શરૂ થી જ મનમાની કરી રહ્યા છે. ભાદરવી પૂનમના મેળા માટે સમગ્ર વહીવટી તંત્ર રાત દિવસ મહેનત કરી તેને સુચારુ રૂપે પૂરું પાડે છે અને આ મેળા માં જે દર વર્ષે યાત્રિકો વધી રહ્યા છે તે મોટા અંબાજી માર્ગ ઉપર આવેલ સેવા કેન્દ્રો ને આભારી છે કારણ કે ફકત વહીવટી તંત્ર બધી સુખ સુવિધા પૂરી નથી કરી શકતું એ તો ૧૦૦ દ્ધદ્વ સુધી ના બધા જ માર્ગ ઉપર ના સેવા કેન્દ્રો પૂરું પાડે છે. આ પેહલા જ્યારે શ્રી સંદીપ સાગલે સાહેબ મંદિર ના ચેરમેન પદે હતા ત્યારે પોલીસ મેદાન ખાતે મેળા માં જે જે કર્મચારીઓ અને અધિકારીઓ, રાત દિવસ મહેનત કરી હોય તેમને અને દરેક સેવા કેન્દ્ર સંચાલક નું શ્રી અંબાજી મંદિર તરફ થી સમ્માન કરતા, પ્રમાણ પત્ર અને ધાર્મિક ગ્રંથ અને મોહનથાળ નો પ્રસાદ આપતા. જ્યારે ગયા વર્ષે એમની બદલી થઈ અને આ સાહેબ આવ્યા તો તેમને ભાદરવી પૂનમના મેળા માં ના કર્મચારીઓ અને અધિકારીઓ ના કામ ની નોંધ લીધી કે નહીં એ તો તેજ જાણે પર સેવા કેન્દ્ર કરનારાઓ ને એક નાની સાઈઝ નું પ્રમાણ પત્ર તેમના કર્મચારીઓ મારફતે સેવા કેન્દ્ર ઉપર મોકલી ની એક વેઢ ઉતરી. સાહેબ પદ તો આજે છે કાલે નહીં પણ હોય. પર જો માતા જી ની શ્રદ્ધા જે લાખો ભક્તો સાથે છે તે કાયમ માટે રહેશે, તમારા જેવા તો કેટલા આવશે અને જશે. માટે જો નોકરી ના કારણે તમને મંદિર ના વહીવટ ની તક મરેલ છે તેનો સદુપયોગ કરીને આપ પણ માં ના આશીર્વાદ ના હકદાર બનો, બાકી સત્તા ના મદ માં કેટલા એ અધિકારી બદનામ થયા છે અને પોતે પોતાના વિનાશ નું કારણ બનેલ છે. ધર્મ ની તાકાત અને માં અંબાજી ની કૃપા એ તો બહુજ મોટો વિષય છે, જે સત્તા ના મદ માં હોય તેને ખબર ના પડે પણ જ્યારે માં ની કૃપા નહીં હોય ત્યારે ખબર પડશે. માટે માનસ છો અને માણસ બની ને નોકરી અને તમારી ફરજ બજાવતા સમય પૂરો કરો. જેથી જ્યારે આપ અંબાજી મંદિર ના વહીવટદાર ના પણ હોય તો પણ લોગ યાદ કરે. અધિકારી હમેશાં તેના સારા ખોટા કામો માટે લોગો માં યાદ કરવા માં આવે છે માટે સમય છે કોઈ પણ ના દબાણ માં આવ્યા વગર જે વ્યવસ્થા પેહલા હતી એની પરંપરા નું પાલન કરો. બાકી તો માં અંબાજી આપ્રે સદ્બુદ્ધિ આપે.

# લોક ફાળા થી ૫૦૦૦ કિલો મોહનથાળ નો પ્રસાદ બનાવી વિનામૂલ્યે વહેચાયો

અંબાજી મંદિરમાં કહેવાથી ભારતીય જનતા પાર્ટીના સરકારનો વહીવટ છે અને કલેક્ટર અધિક કલેક્ટર અને સરકારી લોકો માં અંબાજી નો મંદિરનો વહીવટ કરી રહ્યા છે ત્યારે ૫૦૦ વર્ષ જૂની મોહનથાળ બ્રાહ્મણો દ્વારા બનાવીને પ્રસાદમાં આપવાની પરંપરા ને રોક લગાવીને કોઈક પાસે દ્વારા સરકારે મોહનથાળનો પ્રસાદ બંધ કરીને ચીકી ના પ્રસાદની પ્રથા મનમાંની કરીને શરૂ કરી છે જેથી માઈ ભક્તોમાં અને બ્રહ્મ સમૂહદાયમાં રોષ ફાટી નીકળ્યો છે જેના કારણે



બ્રાહ્મણોએ સાત દિવસથી જે મોહનથાળનો પ્રસાદ બંધ છે ત્યારે ૫૦૦૦ કિલો જેટલો મોહનથાળ લોક ફાળા થી બનાવીને માઇ ભક્તોને વિનામૂલ્યે આપવાનું શરૂ કર્યું છે .

અને અધિક કલેકટરશ્રીને પણ વિનામૂલ્યે આ પ્રસાદ આપવામાં આવ્યો છે અને ભારતના પ્રધાનમંત્રી જ્યારે અંબાજી માતામાં પોતાની આસ્થા ધરાવે છે અને ૫૧ શક્તિપીઠોની આવીને જ્યારે તેઓ અહીંયા ઉદ્ઘાટન કરી ગયા છે ત્યારે તેમને આ માઈ ભક્તો પોતાની આજીજી કરીને કગરી રહ્યા છે અને આખે આખી ભાજપની સરકાર અત્યારે જાણી જોઈને આ પ્રશ્ન મગનું નામ મરી પાડવા તૈયાર નથી. આવું અધમ કૃત્ય શા માટે આ કહેવાથી ભાજપની હિન્દુ સરકાર કરી રહી છે તે પ્રચંડ બહુમત આપનારી જનતા સમજી શકતી નથી.

# 'વિશ્વેશ ઈન્સ્ટીટયુટ ઓફ નેચરોપથી એન્ડ યોગ' દ્વારા 'નેચરોપથી એન્ડ યોગ' વિષય પર સેમિનારનું આયોજન

'વિશ્વેશ ઈન્સ્ટીટયુટ ઓફ નેચરોપથી એન્ડ યોગ' છેલ્લા ઘણા વર્ષોથી 'નેચરોપથી એન્ડ યોગ' વિષે સમાજમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરે છે તેમજ કોઈપણ રોગીને નિરોગી કરવા નિઃશુલ્ક, ટેબલેટ લેસ સારવાર પણ આપે છે. સંસ્થા દ્વારા શરદી, ઉધરસ, તાવ જેવા તીવ્ર રોગોથી લઈને કેન્સર, કીડની અને લીવરનાં રોગો જેવા જીર્ણ રોગોની પણ સારવાર પ્રાકૃતિક રીતે કેવી રીતે કરવી તેની જાણકારી આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ઘણા વિદ્યાર્થીઓ ત્યાં 'નેચરોપથી એન્ડ યોગ' વિષે શિક્ષણ લઇ ચુક્યા છે. પ્રાકૃતિક ચિકિત્સા એટલે પ્રકૃતિનાં પાંચ તત્વો આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી જેવા તત્વો પર આધારિત ચિકિત્સા 'નેચરોપથી' વિષે વિશેષ જ્ઞાન આપવાના તેમજ સમાજમાં પ્રાકૃતિક ચિકિત્સા પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી 'વિશ્વેશ ઈન્સ્ટીટયુટ ઓફ નેચરોપથી એન્ડ યોગ' દ્વારા ૧૨ માર્ચે, રવિવારનાં રોજ સવારે ૧૧:૦૦ થી ૧૨:૩૦ દરમિયાન સંસ્થાની દ્ઘદ્ઘદ્ઘરૂ ની ૨૧ મી બેચનાં પ્રવેશોત્સવ વખતે નિષ્ણાંત વક્તાઓ દ્વારા 'પ્રાકૃતિક ચિકિત્સા – ભારતીય ધરોહર' વિષે માર્ગદર્શન આપવામાં આવશે. કોર્સ/કાર્યક્રમમાં રસ ધરાવનાર વ્યક્તિઓએ દિક્ષેશ પાઠક (મો. ૯૮૨૫૦૭૭૦૨૩) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# કર્નલ ગીતા રાણાએ ઈતિહાસ રચ્યો,પૂર્વી લદ્દાખના ફોરવર્ડ ફ્રન્ટ પર ફિલ્ડ વર્કશોપને કમાન્ડ કરનારી તે ભારતીય સેનાની પ્રથમ મહિલા અધિકારી બની છે

*નવીદિલ્હી,તા.૯*

*ભારતીય સેનાના કોર્પ્સ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ મિકેનિકલ એન્જિનિયર્સના કર્નલ ગીતા રાણાએ ઈતિહાસ રચ્યો છે. પૂર્વી લદ્દાખના ફોરવર્ડ ફ્રન્ટ પર ફિલ્ડ વર્કશોપને કમાન્ડ કરનારી તે ભારતીય સેનાની પ્રથમ મહિલા અધિકારી બની છે.*

*તાજેતરમાં ભારતીય સેનાએ મહિલા અધિકારીઓને કમાન્ડરની ભૂમિકા નિભાવવાની મંજૂરી આપી છે. આ મંજૂરી બાદ કર્નલ ગીતા આ સિદ્ધિ મેળવનારી પ્રથમ મહિલા અધિકારી બની છે.*

# મુંબઈમાં ગેસ ગીઝર લીક થવાથી નવવિવાહિત દંપતિનુ કરૂણ મોત

મુંબઇ,તા.૯

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં ગીઝરમાંથી ગેસ લીક ??થવાને કારણે એક નવવિવાહિત યુગલનું મોત થયું છે. આ ઘટના હોળીના દિવસે ઘાટકોપરના કુકરેજા ટાવરમાં બની હતી. તો માહિતી મળતાં જ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી, બંનેના મૃતદેહને કબજે કરીને હાલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

પોલીસે જણાવ્યું કે મૃતક દંપતીની ઓળખ દીપક શાહ અને તેની પત્ની ટીના શાહ તરીકે થઈ છે.

પોલીસના જણાવ્યા મુજબ, દંપતી કુકરેજા ટાવરમાં ભાડાના ફ્લેટ સાથે રહેતું હતું. હોળીની બપોરના સમયે આ ટાવરમાં રહેતા તેમના એક સંબંધી તેમને મળવા આવ્યા હતા, પરંતુ દરવાજો ખટખટાવ્યા બાદ અને લાંબા સમય સુધી બૂમો પાડવા છતાં અંદરથી કોઈ જવાબ ન મળતાં તેમણે પોલીસને જાણ કરી હતી. આ પછી પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ડુપ્લીકેટ ચાવીથી ફ્લેટ ખોલ્યો તો અંદર બંને પતિ-પત્ની બેભાન અવસ્થામાં પડ્યા હતા. બાદમાં બંનેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા.

પડોશીઓએ પોલીસ પૂછપરછમાં જણાવ્યું કે થોડા સમય પહેલા કપલ બધા સાથે હોળી રમ્યું હતું અને નહાવા માટે અંદર ગયા હતા. આ દરમિયાન તેણે પાણી ગરમ કરવા માટે ગીઝર ચાલુ કર્યું. અકસ્માતે ગીઝરમાંથી ગેસ લીકેજ શરૂ થયો હતો. જેના કારણે બંને બાથરૂમમાં જ આ ગેસની લપેટમાં આવી ગયા હતા અને શ્વાસ રૂંધાવાથી મૃત્યુ પામ્યા હતા.

# સૂફી સંત હાજી વારિશ અલી શાહની દરગાહની અનોખી ઉજવણી,
## હિન્દુ-મુસ્લિમ લોકોએ એકબીજા પર ઉડાડ્યા ગુલાલ

બારાબંકી,તા.૯

સૂફી સંત હાજી વારિશ અલી શાહની દરગાહ પર હોળી રમવામાં આવે છે ત્યારે જાતિ અને ધર્મની સીમાઓ તૂટતી હોય તેવું લાગે છે. અહીં હિન્દુ-મુસ્લિમ એકસાથે હોળી રમે છે, એકબીજાને ગળે લગાડે છે અને હોળીની શુભેચ્છા પાઠવે છે.

કહેવાય છે કે રંગોનો કોઈ ધર્મ હોતો નથી. આવો જ એક કિસ્સો ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લામાંથી સામે આવ્યો છે. અહીં હાજી વારિસ અલી શાહની દરગાહ આવેલી છે. આ સ્થાન પર લાંબા સમયથી માત્ર હિંદુઓ જ નહીં પરંતુ મુસ્લિમો દ્વારા પણ હોળીની ઉજવણી કરવામાં આવે છે. બારાબંકીમાં સ્થિત પ્રસિદ્ધ સૂફી સંત હાજી વારિશ અલી શાહની સમાધિ પર એક અનોખી હોળી રમવામાં આવે છે. અહીં હોળીના દિવસે દરેક ધર્મના લોકો રંગોમાં રંગાયેલા જોવા મળે છે.

એક તરફ દેશના રાજકારણીઓ આખા દેશમાં ધાર્મિક ઉન્માદ ફેલાવીને, લોકોમાં દુશ્મનાવટ ફેલાવીને પોતાનો રાજકીય રોટલો શેકી રહ્યા છે અને આખા દેશને ધર્મના નામે વિભાજિત કરવામાં આવી રહ્યો છે. બીજી બાજુ, બારાબંકી જિલ્લામાં સૂફી સંત હાજી વારિશ અલી શાહની દરગાહ પર હોળી રમવામાં આવે છે ત્યારે જાતિ અને ધર્મની સીમાઓ તૂટતી હોય તેવું લાગે છે. અહીં હિન્દુ-મુસ્લિમ એકસાથે હોળી રમે છે, એકબીજાને ગળે લગાડે છે અને હોળીની શુભેચ્છા પાઠવે છે.

બીજી તરફ હાજી વારિશ અલી શાહની દરગાહ પર રમાતી હોળીની સૌથી ખાસ વાત એ છે કે આ હોળીમાં રામની આખી ઝલક સ્પષ્ટપણે જોવા મળે છે જે તેમનો સંદેશ હતો. દેશભરમાંથી હિન્દુ, મુસ્લિમ અને શીખો અહીં આવે છે અને હાજી વારિશ અલી શાહની દરગાહ પર એકસાથે હોળી રમે છે અને એકતાનો સંદેશ આપે છે.

આ હોળીમાં હિંદુઓ હિંદુ નથી, મુસલમાન મુસલમાન નથી, શીખ નથી શીખ, પણ દરેક માણસ બનીને હોળી રમે છે. આ દરમિયાન વિવિધ ધર્મો દ્વારા રંગો, ગુલાલ અને ફૂલોથી રમાતી હોળી જોવાનું અદ્ભુત છે. સેંકડો વર્ષોથી ચાલી આવતી હોળી રમવાની આ પરંપરા સમાજ માટે આદર્શ છે.જણાવી દઈએ કે, હાજી વારિશ અલી શાહની કબર તેમના હિંદુ મિત્ર રાજા પંચમ સિંહ દ્વારા બનાવવામાં આવી હતી. તેના નિર્માણથી આ સ્થળ હિંદુ-મુસ્લિમ એકતાનો સંદેશ આપતું રહ્યું છે. અહીં આવનારા યાત્રિકોમાં હિન્દુ તીર્થયાત્રીઓ વધુ હોય છે. કેટલીક જગ્યાએ, હિન્દુ ભક્તો તેમના ઘરો અને વાહનો પર શ્રી કૃષ્ણ વારિશ સરકારના શબ્દો પણ ચિહ્નિત કરે છે.

# કેન્દ્ર સરકારે પાછલા ૫ વર્ષોમાં ૭ શહેરો અને નગરોના નામ બદલ્યા
## બંગાળ સરકાર તરફથી પ્રદેશનું નામ ત્રણેય ભાષાઓ બંગાળી, અંગ્રેજી અને હિંદીમાં બાંગ્લા કરવાનો પ્રસ્તાવ આવ્યો છે



નવીદિલ્હી,તા.૯

કેન્દ્રએ પાછલા પાંચ વર્ષોમાં અલ્હાબાદ સહિત સાત શહેર અને નગરોના નામ બદલવાની મંજૂરી આપી છે. અલ્હાબાદનું નામ બદલીને પ્રયાગરાજ રાખવામાં આવ્યું છે. કેન્દ્રિય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે લોકસભામાં એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં આ જાણકારી આપી છે. તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળ સરકાર તરફથી પ્રદેશનું નામ ત્રણ ભાષાઓ બંગાળી, અંગ્રેજી અને હિન્દીમાં બાંગ્લા કરવાનો પ્રસ્તાવ આવ્યો છે.

નિત્યાનંદ રાયે કહ્યું કે ઉત્તરપ્રદેશમાં અલ્હાબાદનું નામ બદલીને પ્રયાગરાજ કરવા ૧૫ ડિસેમ્બર,૨૦૧૮ એ અનાપત્તિ પ્રમાણપત્ર આપવામાં આવ્યું. તેના પ્રમાણે આંધ્રપ્રદેશના રાજમુંદરી શહેરનું નામ રાજા મહંદ્રવરમ કરવા, ઝારખંડમાં નગર ઉંટારીનું નામ શ્રી બંશીધર નગર કરવા પણ ૨૦૧૮ માં મંજૂરી આપવામાં આવી. મંત્રીએ જણાવ્યું કે મધ્યપ્રદેશના બીરસિંહપુર પાલીને માં બિરાસિની ધામ(૨૦૧૮), હોશંગાબાનું નામ નર્મદાપુરમ(૨૦૨૧) કરવા અને બાબઈનું નામ માખન નગર કરવાની(૨૦૨૧) મંજૂરી આપવામાં આવી. ૨૦૨૨ માં પંજાબના શહેરનું નામ શ્રી હરગોબિંદરપુરથી બદલીને શ્રી હરગોબિંદરપુર સાહિબ કરવામાં આવ્યું છે.

સરકારે લોકસભાને જણાવ્યું કે પાછલા ત્રણ વર્ષમાં ૩,૯૨,૬૪૩ ભારતીયોએ પોતાની નાગરિકતા છોડી દીધી તથા સૌથી વધુ ભારતીયોને અમેરિકાએ નાગરિકતા આપી. લોકસભામાં હાજી ફજલપુર રહમાનના પ્રશ્નનો લેખિત ઉત્તરની સાથે ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય દ્વારા જાહેર આંકડાઓથી આ જાણકારી મળી છે. સદસ્યે વર્ષ ૨૦૧૯થી ચાલુ વર્ષ દરમિયાન નાગરિકતા છોડનાર ભારતીયો વિશે જાણકારી માંગી હતી.

ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય સદનમાં રજૂ કરેલા આંકડાઓ પ્રમાણે વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૧ દરમિયાન નાગરિકતા છોડનાર ભારતીયોની સંખ્યા ૩,૯૨,૬૪૩ હતી. જેમાં વર્ષ ૨૦૧૯ માં ૧,૪૪,૦૧૭ ભારતીયોએ નાગરિકતા છોડી, જ્યારે વર્ષ ૨૦૨૦ માં ૮૫,૨૫૬ ભારતીયો અને વર્ષ ૨૦૨૧ માં ૧,૬૩,૩૭૦ ભારતીયોએ પોતાની નાગરિકતા છોડી હતી.ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સઈદા અહમદે સમગ્ર દેશમાં શહેરોના નામ બદલવાની મંજૂરી મેળવવા, હેરિટેજ સ્થળોના નામ બદલવા માટે ગૃહ મંત્રાલય દ્વારા પ્રાપ્ત વિગતો અને દરખાસ્તોની સંખ્યાઅને સરકારે તેના માટેની માર્ગદર્શિકામાં સુધારો કર્યો છે કે કેમ તે અંગે પ્રશ્ન પૂછ્યો હતો. શ્રી રાયે જવાબ આપ્યો હતો કે એમએચએ પાસે હેરિટેજ સ્થાનોના નામ બદલવા માટે આવી કોઈ માર્ગદર્શિકા નથી.

## રાજ્યમાં કુલ ૨૨૪
# વિધાનસભા બેઠકોમાંથી ૧૪૦થી વધુ બેઠકો જીતે તેવી સંભાવના છે :કોંગ્રેસની ભવિષ્યવાણી

બેંગ્લુરૂ,તા.૯

ભાજપ માટે સૌથી મોટો પડકાર હાલમાં કર્ણાટક છે. અમિત શાહ અને નરેન્દ્ર મોદી આ રાજ્યની ચૂંટણી પર સીધી નજર રાખી રહ્યાં છે. રાજ્ય કોંગ્રેસના અધ્યક્ષ ડીકે શિવકુમારે દાવો કર્યો છે કે સર્વેક્ષણમાં કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ કુલ ૨૨૪ બેઠકોમાંથી ૧૪૦ થી વધુ બેઠકો જીતશે અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ૬૫ બેઠકો પર વિજેતા બનશે. આ વખતે તે વધુ જીતી શકશે નહીં અને તેની સીટો ઘટીને ૪૦ સુધી પણ પહોંચી શકે છે. શિવકુમારે દાવો કર્યો હતો કે રાજ્યના દરેક વર્ગના લોકો ભાજપ સરકારથી નારાજ છે.

તેમણે કહ્યું, "અમને કેટલી બેઠકો મળશે તે અંગે અમે ગેરંટી આપી શકીએ છીએ. અમે ખાતરી આપી શકીએ છીએ કે ભાજપની બેઠકો ૬૫થી વધુ નહીં હોય. ભાજપ જે કંઈ કહે છે કે કરે છે તે તેમનો આંતરિક મામલો છે. યેદિયુરપ્પાએ તેમની ગણતરી મુજબ કંઈક કહ્યું છે, હું તેમની પાર્ટી વિશે બોલવા માંગતો નથી.' ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા યેદિયુરપ્પાએ તાજેતરમાં દાવો કર્યો હતો કે કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં શાસક પક્ષ ૧૪૦થી વધુ બેઠકો જીતશે.શિવકુમારે પત્રકારોને જણાવ્યું હતું કે ભાજપ ગમે તે કરે, પરંતુ આ વખતે તેની બેઠકોની સંખ્યા ૬૦-૬૫થી આગળ નહીં વધે. મારા મત મુજબ, જો ભાજપની બેઠકો ઘટીને ૪૦ પર પણ આવી જાય તો આશ્ચર્ય થશે નહીં. કોંગ્રેસના કર્ણાટક એકમના અધ્યક્ષ ડીકે શિવકુમારે મંગળવારે દાવો કર્યો હતો કે પાર્ટીના સર્વે અનુસાર, તેમને રાજ્યમાં કુલ ૨૨૪ વિધાનસભા બેઠકોમાંથી ૧૪૦થી વધુ બેઠકો જીતે તેવી સંભાવના છે. હાલમાં અમિત શાહ કર્ણાટકની જવાબદારી ઉઠાવી રહ્યાં છે. જેઓ સતત કર્ણાટકની મુલાકાત લઈ રહ્યાં છે. ભાજપ કર્ણાટકા બચાવવા માટે મરણિયા પ્રયાસો કરશે. લોકસભા પહેલાં ભાજપનો મોટો ટાર્ગેટ દક્ષિણ ભારત છે. દક્ષિણ ભારતમાં ભાજપના પગપેસારા માટે કર્ણાટક એ અતિ અગત્યનું રાજ્ય છે. હાલમાં ભાજપની સરકાર છે. રાજ્યમાં એન્ટિઈક્મ્બસીનો માહોલ છતાં સરકાર કોઈ પણ ભોગે અહીં વિજેતા બનવા માટે માસ્ટરપ્લાન ઘડી રહી છે. કર્ણાટક કોંગ્રેસના વડાએ દાવો કર્યો હતો કે જ્યારે તેમના અગાઉના સર્વેમાં કોંગ્રેસને ૧૩૬ બેઠકોની આગાહી કરવામાં આવી હતી, તાજેતરના સર્વેમાં ૧૪૦થી વધુ બેઠકોની આગાહી કરવામાં આવી છે. ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં, ભાજપે ૨૨૪-સભ્યોની વિધાનસભામાં ૧૦૪ બેઠકો જીતી હતી, અને સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી, જ્યારે કોંગ્રેસ અને જેડી એસ પાસે અનુક્રમે ૮૦ અને ૩૭ બેઠકો હતી. જો કે પછીના દિવસોમાં ભાજપને વિધાનસભામાં બહુમતી મળી, કારણ કે ઘણા કોંગ્રેસ અને જેડી(એસ) ધારાસભ્યોએ ભગવા પાર્ટી જોઈન કરી લીધી હતી. ઉમેદવારોની પસંદગી માટેની પાર્ટીની પ્રક્રિયાના ભાગ રૂપે કોંગ્રેસની સ્ક્રીનિંગ કમિટીની બેઠક અંગેના એક પ્રશ્નના જવાબમાં શિવકુમારે કહ્યું, 'આજે એક બેઠક પણ છે, અમે લગભગ ૭૫ ટકા પ્રક્રિયા પૂર્ણ કરવાના તબક્કે પહોંચી ગયા છીએ, આજે અમે તેને પૂર્ણ કરીશું.

# હોળીના ઉમંગભર્યા પર્વ પર રાજનાથ સિંહના ઘરે જશ્નનો માહોલ, અમેરિકન મંત્રી સાથે ડાન્સ કર્યો

નવીદિલ્હી,તા.૯

આજે આખો દેશ હોળીની ઉજવણીમાં ડૂબેલો છે. આવી સ્થિતિમાં મોદી સરકારમાં મંત્રીઓ કેવી રીતે પાછળ રહી શકે. આજે, વિદેશ પ્રધાન ડૉ. એસ. જયશંકર અને કેન્દ્રીય કાયદા પ્રધાન કિરેન રિજિજુએ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના નિવાસસ્થાને હોળીની ઉજવણીમાં હાજરી આપી હતી. અમેરિકી વાણિજ્ય સચિવ જીના રેમોન્ડો પણ સમારોહમાં હાજર રહ્યા હતા. આ દરમિયાન રાજનાથ સિંહનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં તે અમેરિકન મંત્રી સાથે ડાન્સ કરતા જોવા મળ્યા હતા. રક્ષા મંત્રી રાજનાથ સિંહના ઘરે હોળીના અવસર પર કલાકારોએ પણ ડાન્સ કર્યો હતો. આ અવસર પર યુએસ કોમર્સ સેક્રેટરી જીના રેમોન્ડોએ કહ્યું કે અહીં આવવું મારા માટે સન્માનની વાત છે અને અહીં મારું સ્વાગત કરવામાં આવ્યુંપ તે અદ્ભુત છે. હેપ્પી હોળી.હોળીના તહેવારમાં વિદેશ મંત્રી ડૉ.એસ.જયશંકરે કહ્યું કે બધાને હોળીની શુભેચ્છા. અમે અહીં આવેલા અમેરિકન મંત્રી સાથે હોળીનો તહેવાર ઉજવ્યો છે. હોળી પર કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે તમામ દેશવાસીઓને હોળીની શુભકામનાઓ. જે રીતે સમગ્ર દેશમાં નવો ઉત્સાહ, નવો ઉત્સાહ અમૃત કાલમાં પ્રવેશી રહ્યો છે. આનાથી મને વિશ્વાસ થાય છે કે વિશ્વ આપણી સાથે છે અને વિશ્વની આશાઓ અને અપેક્ષાઓ આપણી સાથે છે.કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે દેશવાસીઓને હોળીની શુભકામના. હોળીનો તહેવાર ભાઈચારો અને પ્રેમ વધારવાનો અવસર આપે છે, તો આ અવસર પર આપણે એકબીજા સાથે આ તહેવાર ઉજવીએ અને દેશને પણ આગળ લઈ જઈએ.

NEWS OF GANDHINAGAR_P-3

# “જળ બચાવીએ અને સાચા અર્થમાં હોળી-ધૂળેટી ઉજવીએ”







સ્મિત ફાઉન્ડેશનના ગાંધીનગર અને અમદાવાદના અલગ અલગ વિસ્તારમાં ચાલતા મફત શિક્ષણ સેન્ટર ખાતે બાળકોએ હોળી અને ધૂળેટી પર્વની ધૂમધામથી ઉજવણી કરી. સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખે જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં કેટલાય પર્વો આપણે ઉત્સાહપૂર્વક ઉજવતા આવીએ છીએ. એમાંય રંગોનો પર્વ હોળીનુ વિશેષ મહત્વ છે. હોળી આખા ભારતભરમાં ખૂબ ઉલ્લાહસ પૂર્વક ઉજવવામાં આવે છે. જો કે દરેક જગ્યાએ રીતો અલગ અલગ હોય છે પરંતુ મુખ્ય ધ્યેય હોળી પ્રગટાવી આસુરી શક્તિનુ દહન કરી દૈવી શક્તિનુ સન્માન છે.

પ્રાચીન કાળમા ગુલાલ કે કેસુડાના રંગો દ્વારા હોળી ખેલતા પરંતુ અત્યારના વર્તમાનકાળમાં રસાયણયુક્ત શરીર તેમજ પર્યાવરણને ખૂબ નુકસાન પહોંચાડતા રંગબેરંગી કલર થી હોળી ખેલતા જોવા મળી રહ્યા છે. જ્યારે અમુક જગ્યા એ તો ગંદા કાદવ કીચડથી પણ હોળી ખેલતા હોય છે. રંગો કે કાદવ કીચડનો શરીર પરના નિકાલ માટે મોટા હિસાબે પાણીનો વેડફાટ થાય છે.ગ્લોબલ વોર્મિંગના કારણે એક તરફ વાતાવરણ ખુબ ગરમ થઈ રહ્યું છે.ઉનાળો બેસતાની સાથે તળાવો, જળાશયોમાં પાણી નુ સ્તર ઘટવા માંડે છે.અમુક જગ્યાતો પાણીને એક ગ્લાસ માટે લોકો વલખાં મારી રહ્યા હોય. એવા સમાચારો પણ આપણે જોતા જ હોઈએ છીએ તો આવા સમયે પાણી નો વેડફાટ કેટલે અંશે વ્યાજબી કઈ શકાય ?

શરદઋતુની સમાપ્તિ અને વસંતઋતુનું આગમન સમયે વાતાવરણમાં બદલાવ થી વાતાવરણમાં બેકટેરિયાની માત્રા વધુ જોવા મળે છે. વૈજ્ઞાનિકોના મતે હોળીના પ્રચંડ તાપના કારણે બેકટેરિયાનો મોટી સંખ્યામાં નાશ થતો હોવાથી વાતાવરણ પણ શુદ્ધ થાય. આમ તો પૌરાણિક શાસ્ત્રો પ્રમાણે હિરણ્યકશ્યપ અને પ્રહલાદની કથા જોડાયેલી છે. પાણીના બચાવ માટે અનેક સંસ્થા પ્રયાસો કરી રહી છે. ઘણી જગ્યાએ પાણી નો બગાડ અટકાવવા માત્ર થોડા પાણીથી હોળી ખેલવા માટે ની એક ઝુંબેશ પણ અમુક સંસ્થા કરી રહી છે.જે અત્યારના સમયની માંગ છે. ભૂગર્ભ જળ પણ ઊંડા જઈ રહ્યા છે ત્યારે પાણીનો ખૂબ કરકસર યુક્ત ઉપયોગ વર્તમાન સમયમાં ખૂબ જ જરૂરી છે.

હવે, એવું નથી લાગતું કે પાણીના બચાવ માટે પરિવર્તન જરૂરી છે. ગામડામાંતો હોળી ઉપર ધ્વજા રાખી એ ધ્વજા કઈ દિશામાં પડે એ આધારે ચોમાસાની આગાઈ નક્કી કરતા હોય છે. હોળીનો સીધો સબંધ વસંત ઋતુ સાથે જોડાયેલ છે. પહેલા વસંતોત્સવ મહોત્સવ રૂપે ઊજવાતો. આપણે ત્યાં રાધા કૃષ્ણના હોળી ખેલ ઉત્સવના અનેક પદો મળી આવે છે.

હોલિકા દહનના બીજે દિવસે ધુળેટીનો તહેવાર ઉજવાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અમારા બાળકોએ મન મૂકીને હોળી રમી હતી. પણ કેમિકલ યુક્ત કલરથી નહિ ફૂલો, ગુલાલ અને પાણીથી હોળી રમી હતી. અત્યારે લોકો રસાયણ યુક્ત કલરનો હોળી રમવા માટે ઉપયોગ કરતા હોય છે. ત્યારે અનેક ચામડીને લગતા રોગ થતા હોયછે તે માટે રસાયણ-કેમિકલ યુક્ત રંગોનો ઉપયોગ ટાળવો જોઈએ. હોળી એક નહીં પણ અનેક રંગોનો તહેવાર છે. આપની જિંદગી પણ રંગોની જેમ રંગબેરંગી છે માટે હોળીનો તહેવાર ઘણું બધું શીખવી જાય છે. માટે આ હોળી- ધૂળેટી હર્ષ ઉલ્લાસ અને ઉત્સાહથી ઉજવી હતી. આ દિવસે લોકો ખુલ્લા મને એક બીજા પર ગુલાલ જેવા રંગો છાંટી ઉત્સવ ખેલ દિલ પૂર્વક ઉજવે જ કહેવાય છે કે જળ એજ જીવન છે.

# સરકારના રૂપિયાથી વેચાતા ચીકી પ્રસાદ સામે લોકભાગીદારીથી નિઃશુલ્ક વહેંચતા મોહનથાળ પ્રસાદને ભક્તજનો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ

### સોમનાથ મંદિર પર મહંમદ ગજનીના આક્રમણ દરમિયાન જેટલી ચોટ ભક્તોને આસ્થા પર પહોંચી હતી એટલુંજ દુઃખ અંબાજી મંદિરમાં સત્તાધીશો દ્વારા મોહનથાળ પ્રસાદ બંધ કરવામાં આવ્યો તે ઘટનાથી : - હેમાંગ રાવલ



અંબાજી

બ્રહ્મસમાજ અને ધાર્મિક સંસ્થાઓ, સ્થાનિકો તથા સર્વસમાજના દાતાઓના સહકારથી આજથી અંબાજીમાં નિઃશુલ્ક ચોખ્ખા ઘી પ્રસાદ વિતરણ

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ટ્રસ્ટી શ્રી હેમાંગ રાવલ અખબારી યાદીમાં જણાવે છે કે અંબાજી મંદિરની અંદર મોહનથાળ પ્રસાદ બંધ કરીને કરોડો ભક્તજનોની આસ્થા પર જે પ્રમાણે સત્તાધીશો એ ચોટ પહોંચાડી છે આ એવા જ પ્રકારની ચોટ છે કે જે મહમદ ગજનીએ સોમનાથ મંદિર પર હુમલો કરીને આસ્થાને ચોટ પહોંચાડી હતી.

સરકાર સામે અનેક રજૂઆતો કર્યા પછી પણ ચીકી માફિયાઓના દબાણથી મંદિરમાં પારંપરિક મોહનથાળનું વેચાણ જે બંધ કરવામાં આવ્યું હતું તે હજી પણ ચાલુ કરવામાં નથી આવ્યું. બ્રહ્મ સમાજ દ્વારા સરકાર અને સિસ્ટમને તમાચો મારતી એક અનોખી પહેલ કરવામાં આવી છે.

આજરોજ ધુળેટીના પવિત્ર દિવસથી સમસ્ત બ્રહ્મ સમાજના આગેવાનો સર્વ સમાજના આગેવાનો અને અંબાજીના સ્થાનિકો દ્વારા સર્વ સમાજના દાતાઓના સહયોગથી સરકાર સામે સરકારના રૂપિયાથી વેચાતા ચીકી પ્રસાદ સામે સમાંતર નિશુલ્ક મોહનથાળ ચોખ્ખા ઘીના મોહનથાળ પ્રસાદની વિતરણ વ્યવસ્થા ચાલુ કરવામાં આવી છે. આ મોહનથાળ પ્રસાદ શુદ્ધ ઘીમાં અને પવિત્ર વાતાવરણમાં બનાવીને આરાસુરી મા અંબેને સેંકડો ભક્તજનોની હાજરીમાં શાસ્ત્રોક્ત રીતે ધરાવીને ભક્તજનોને નિશુલ્ક વિતરણ કરવામાં આવેલ હતો.

ઉપરોક્ત નિશુલ્ક વિતરણ કાર્યક્રમમાં પ્રણેતા શ્રી રાજુ જોશી બ્રહ્મસમાજ આગેવાન શ્રી ડામરાજી રાજગોર, શ્રી દિનેશ મહેતા, શ્રી દુષ્યંત આચાર્ય, શ્રી તુલસી જોશી , શ્રી જીતુ મહેતા સર્વ સમાજના આગેવાન શ્રી સુનિલ બ્રહ્મભટ્ટ, શ્રી રાજન અગ્રવાલ, શ્રી ગૌતમ જૈન અને અંબાજીના સ્થાનિકો મોટી સંખ્યામાં આ નિશુલ્ક વિતરણ મોહનથાળ પ્રસાદના કાર્યક્રમમાં જોડાયા હતા અને ધર્મ લાભ લીધો હતો

હેમાંગ મહીપતરામ રાવલ

# શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન દ્વારા ’કરૂણા સેલ્ફી કોન્ટેસ્ટ’ સૌ વિજેતાઓને આર્કષક ગીફટ અપાશે.

શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલ હેલ્પલાઈન દ્વારા અર્હમ ગ્રુપના સથવારે, રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ પૂ. નમ્રમૂનિ મહારાજ સાહેબના આશીર્વાદથી પક્ષીઓનાં માળા–પીવાનાં પાણીની કુંડી, ચકલીના માળા, પાણીના કુંડા ’રામપાતર’ નું છેલ્લા ૮ વર્ષથી, બારે મહિના નિઃશુલ્ક વિતરણ થઈ રહયું છે. ધોમધખતાં તાપમાં તેમજ બારે મહિના દરમિયાન અબોલ પશુ-પક્ષીઓ પાણી શોધતાં હોય છે, તરસના લઈને તરફડતા હોય છે. ગૌમાતા, પશુ-પક્ષીઓની તરસ છીપાવવા માટે શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન તથા અર્હમ ગ્રુપના સંયુકત ઉપક્રમે સીમેન્ટની મોટી કુંડી (સાઈઝ આશરે ૨ ફૂટ બાય ૧.૫ ફુટ, વજન આશરે ૩૦ કિલો) જીવદયા પ્રેમીઓને બારે મહિના વિનામલ્યે વિતરણ કરવામાં આવે છે. ઘર આંગણે, વિસ્તારમાં કુંડી રાખી દરરોજ સફાઈ કરી, બારે મહિના ચોખ્ખુ પાણી ભરી આ કાર્યમાં પુણ્યના ભાગીદાર બની શકાય છે. "વહેલા તે પહેલા ના ધોરણે વિનામુલ્યે, નિયમાનુસાર, વ્યકિત દિઠ એક કુંડી મળશે (પોતાના વાહનમાં લઈ જવાની રહેશે). કુંડી મેળવવા માટે(૧) એનીમલ હેલ્પલાઈન, મિતલ ખેતાણી, ’જનપથ’, તપોવન સોસાયટી–૨ નો ખૂણો, સરાઝા બેકરીની બાજુમાં, અક્ષર માર્ગ, રાજકોટ. (૨) ’સત્યમ’ ૩–ટાગોરનગર, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ સામે, કાલાવડ રોડ, રાજકોટ (૩) કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલ હેલ્પલાઈન વેટરનરી હોસ્પિટલ, જુની શ્રીજી ગૌશાળા, તુલીપ પાર્ટી પ્લોટ પાછળ, ક્રિષ્ના પાર્ક હોટલવાળો સર્વિસ રોડ, ગોંડલ રોડ, રાજકોટ (૪) શેણી મેમોરીયલ ટ્રસ્ટ, ન્યુ શ્રેયસ સ્કૂલની બાજુમાં, નાગેશ્વર પાર્શ્વનાથની સામેનો રોડ, જામનગર રોડ, રાજકોટ ખાતે સંપર્ક કરવો.શ્રી કરૂણા ફાઉન્ડેશન ટસ્ટ–એનીમલ હેલ્પલાઈન દ્વારા ’કરૂણા સેલ્ફી કોન્ટેસ્ટ’ નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નાગરીકોએ કરેલ જીવદયા કાર્યમાં પોતાનાં વિસ્તારમાં મુકેલ ગૌમાતા માટેની પાણી પીવાની કુંડી, ચકલીના માળા કે પક્ષીને પાણી પીવા માટેના કુંડા (વાસણ) સાથેની એક સેલ્ફી પાડી પોતાની સોશ્યલ મીડીયાની ટાઈમલાઈનમાં મૂકી # Save Sparrow #Save Birds #Home for Sparrow, #Please Put Water For Birds, @ Karunafoundation ના ઈસ્ટાગ્રામ પેઈજ અને Animal helpline - Karuna Foundation ફેસબુકના પેઝ પર કોમેન્ટ બોકસ અથવા મેસેજ બોકસમાં મોકલવાની રહેશે. સૌને આકર્ષક ગીફટ આપવામાં આવશે. સમગ્ર આયોજન અંગે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી, ઘનશ્યામભાઈ ઠકકર, ધિરેન્દ્ર કાનાબાર, રમેશભાઈ ઠકકર, પ્રતિક સંઘાણી, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ,ગૌરાંગભાઈ ઠકકર, પારસભાઈ ભરતભાઈ મહેતા સહીતનાઓની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એટલે મહિલાઓના અસ્તિત્વને ઉજવવાનો દિવસ



૮ મી માર્ચે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. મહિલાઓના અસ્તિત્વને ઉજવતો આ એક દિવસ મહિલાઓને વધુ ન્યાય અપાવવા તથા તેના પ્રયાસોમાં આગળ વધવા માટે સંકલ્પ લેવાનો દિવસ છે.

વિશ્વભરમાં જયારે મહિલાઓ પોતાના મનગમતા ક્ષેત્રમાં આગળ વધી રહી હોય ત્યારે, મહિલાઓનું કોઈ પણ જાતનું અચિવમેન્ટ એ નાનું નથી હોતું. આ પ્રકારે જ, શિખરો સર કરવા નીકળેલું નામ એટલે, ગુજરાત એન. સી.સી. ડિરેક્ટરેટમાં ગવર્મેન્ટ પોલીટેકનિક ખાતે એસોસિયેટ એનસીસી ઓફિસર (ANO) તરીકે ફરજ બજાવી રહેલા ડૉ. દુહિતા લખતરિયા.

તાજેતરમાં જ ડૉ. દુહિતાને એન.સી.સી. ઓફિસર ટ્રેનિંગ એકેડમી (OTA), ગ્વાલિયર ખાતે રીફ્રેશર કોર્સમાં ભાગ લેવાની તક મળી હતી. આ ટ્રેનિંગ એકેડેમીમાં ચાલી રહેલા રિફ્રેશર કોર્સમાં ડોક્ટર દુહિતાએ મેરીટમાં અને એકંદર પર્ફોર્મન્સમાં પહેલા ક્રમાંકે આવી ગોલ્ડ મેડલ મેળવ્યો છે. હથિયાર ફાયરિંગ અને નકશા વાચન માટે પણ તેમને એક્સેલન્સ એવોર્ડ મળ્યો છે. આ ઉપરાંત તેમને કેમ્પ સેટઅપ અને આયોજન માટે પણ એકસેલન્સ એવોર્ડ મળ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં પહેલી વાર એક ટ્રેઈની ઓફિસરને આટલી મોટી સંખ્યામાં એવોર્ડ મળ્યાં છે, જે એક ગર્વ લેવાની વાત છે.

ગ્વાલિયર ટ્રેનિંગ એકેડમી એ ભારતની મહિલા ANOs માટેની એકમાત્ર ટ્રેનિંગ એકેડમી છે. આ ટ્રેનિંગ એકેડમી ખાતે ભારતભરમાંથી એન.સી.સી. ઓફિસર ટ્રેનિંગ લેવા માટે આવતા હોય છે. સમગ્ર ગુજરાતમાંથી આ રીતે ઓફિસર ટ્રેનિંગમાં પહેલો ક્રમાંક અને સાથે ગોલ્ડ મેડલ મેળવનારા ડોક્ટર દુહિતા પહેલા મહિલા છે. ગુજરાત માટે તે ગર્વ લેવા જેવી વાત છે.

ગ્વાલિયર ટ્રેનિંગ એકેડમીની તાલીમનો અનુભવ જણાવતા ડૉ. દુહિતા કહે છે કે,"એકેડમીમાં આર્મી વાતાવરણ ખૂબ કડક હોય છે, અને તેમાં પણ શિયાળાની ઠંડીમાં ગ્વાલિયરનું તાપમાન ખૂબ જ નીચું જતું રહે છે. આવા ઠંડા વાતાવરણમાં ગ્રાઉન્ડ પર વહેલી સવારે શારરિક કસરત કરવી ખૂબ મુશ્કેલ હોય છે. વિવિધ પરીક્ષા અને સ્પર્ધાઓથી ભરેલા કડક નિત્યક્રમ વચ્ચે દરરોજ રાત્રિની માત્ર ૪ કલાક જ ઊંઘ મળે છે. આટલી ઓછી ઊંઘ હોવાથી બીજા દિવસે ગ્રાઉન્ડ પર કાર્ય કરવું મુશ્કેલ થઈ પડે છે, પરંતુ રાષ્ટ્ર માટે કઈક કરી છૂટવાની ભાવના અંદરથી એક તાકાત આપે છે." પોતાની આંતરિક શક્તિ અને મનોબળના કારણે તથા મિત્રો અને પરિવારના માર્ગદર્શનથી આ સ્તરે પહોંચી તેઓ ખુશી વ્યક્ત કરે છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ડોક્ટર દુહિતા મહિલાઓને પ્રોત્સાહન આપતા સંદેશો આપવા માંગે છે કે, મહિલાઓ મજબૂત, ક્ષમતાવાન અને દરેક ક્ષેત્રે એક સરખા સ્તર પર લડત આપી શકે તે રીતે મજબૂત મનોબળ ધરાવે છે. જીવનમાં ભલે ગમે તેટલી મુશ્કેલીઓ આવે છતાં તેનો સામનો કરીને પોતાના સપનાઓને સાકાર કરવા તે જ મોટી વાત છે. બીજી મહિલાઓ પ્રત્યેકના અનાદર, દુર્વ્યવહાર અને ભેદભાવને નકારી દુનિયાને મહિલાઓ માટેની સુરક્ષિત જગ્યા બનાવવી જોઈએ. દરેક પરિવારમાં દીકરીને કરિયાવર સમજવાના બદલે જો શ્રેષ્ઠ વિચારો વિરાસતમાં આપવામાં આવે તો ભારત દેશની મહિલાઓ વિશ્વ સ્તરે પોતાના નામ રોશન કરશે.

શ્રદ્ધા ટીકેશ, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ.

# હવે બાવળામાંદિવ્યાંગજન માટે જયપુર ફૂટ (કૃત્રીમ પગ) તથા કેલીપર્સની નિશુલ્ક તપાસ અને વિતરણ કેમ્પ.

હવે બાવળામાંદિવ્યાંગજન માટે જયપુર ફૂટ (કૃત્રીમ પગ) તથા કેલીપર્સની નિશુલ્ક તપાસ અને વિતરણ કેમ્પ. શ્રી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ (જયપુર ફૂટ સેન્ટર, અમદાવાદ) અને ન્યુ વે એજ્યુકેશનલ ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રીડમ ડે કેર સેન્ટર ના સંયુક્ત ઉપક્રમે ફોટોકીના કેમિકલ્સ પ્રા.લી. ના સહયોગ થીદિવ્યાંગજન માટે જયપુર ફૂટ (કૃત્રીમ પગ) તથા કેલીપર્સની નિશુલ્ક તપાસ અને વિતરણ કેમ્પમાં કોઈપણ દિવ્યાંગ ભાઈ બહેનોને કૃત્રીમ પગ તથા કેલીપર્સની જરૂરિયાત હોય તો તેમણે તારીખ ૨૦/૦૩/૨૦૨૩ સુધીમાં શ્રી ભાવિન પરમાર (પ્રમુખ, ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકા)૯૯૭૪૦૮૮૮૦૨ / ૮૭૮૦૭૫૨૩૨૬ નંબર પર નામ નોંધાવવું ફરજિયાત છે. કેમ્પનું સ્થળ લોહાણા મહાજન વાડી ટ્રસ્ટ, જલારામ મંદિરની બાજુમાં, સાંણદ ચોકડી, બાવળા રહેશે. રજીસ્ટ્રેશન કરાવેલ લાભાર્થીને કોલ કરી કેમ્પની તારીખ કહેવામાં આવશે. લાભાર્થીઓએ આધાર કાર્ડ અથવા રહેઠાણનો પુરાવો અને વિકલાંગતા દર્શાવતો આખો ફોટો સાથે લાવવો ફરજિયાત છે.

નોંધ - લાભાર્થીઓએ ફોન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.



આંતરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગ રૂપે ગુજરાત સંગીત નાટક અકાદમી અને દીર્ઘ મીડિયા દ્વારા "શાસ્ત્રીય સંગીત - નૃત્ય અને નારી" કાર્યક્રમ યોજાયો હતો આ પ્રસંગે શાસ્ત્રીય નૃત્ય અને ગીત ની સાધના કરનાર કલાગુરુ ઓનું સન્માન કરવામાં આવ્યું.

સોનલ મજમુદાર કેલેચી,સુપ્રભા મિશ્રા,બિનલ વાલા,રીમા દેસાઈ, અલ્પા દેસાઈ શર્મા,અપર્ણા મેનન, અમીતા શાહ,હિના પંડિત અને મનો ચિકિત્સક ત્રાપ્તી ગાંધીનુ નારી ગૌરવ એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું.કાર્યક્રમ માં મુખ્ય મહેમાન તરીકે કોર્પોરેટ વાસંતી પટેલ અને અમદાવાદ બુક કલબના કો ફાઉન્ડર ખુરશીદ રવજી જોડાયા હતા.

કાર્યક્રમનું સંચાલન યુવા અભિનેત્રી ખુશી આચાર્યએ કર્યુ . જાણીતા ટીવી ફિલ્મ મેકર અને લેખિકા મનીષા શર્માએ આ કાર્યક્રમ નું આયોજન કર્યુ હતું

# ગુજરાત વિધાનસભામાં બીબીસી ડોક્યુમેન્ટ્રીની વિરુદ્ધમાં ઠરાવ લાવવામાં આવશે

ગાંધીનગર,તા.૯

ગુજરાત વિધાનસભામાં બીબીસી ડોક્યુમેટ્રી પર ઠપકો આપવા વિધાનનસભામાં દરખાસ્ત લાવામા આવશે. તેમજ કેન્દ્ર સરકાર તેના પર કાર્યવાહી કરે કરવાની માગ કરવામાં આવશે. જેમા પહેલીવાર બિન સરકાર વિદેશ મીડિયા વિરોધી સંકલ્પ રજૂ થશે. બીબીસી દ્વારા ૨૦૦૨ ના ગુજરાત હિસા પર ડોક્યુમેન્ટ્રી બનાવી હતી. જને લઈને ભારતમાં વિરોધ થયો હતો. તેને લઈને હવે ગુજરાત વિધાનસભામાં પણ ભાજપના ધારાસભ્ય બીબીસી સામે ઠરાવ લાવશે. સોજિત્રાના ધારાસભ્ય વિપુલ પટેલ વિધાનસભામાં બિન સરકારી સંકલ્પ ચર્ચા કરવા દરખાસ્ત કરી છે. ગુજરાત ના ઈતિહાસમાં પહેલી વાર વિદેશી મીડિયાની વિરોધમાં બિન સરકારી સંકલ્પ પર ૧૦ માર્ચના રોજ ચર્ચા કરવામાં આવશે. સામાન્ય રીતે બિન સરકારી વિષયક બાબત ભારત સરકારને રાજ્ય સરકાર વિષયક બાબતો સમસ્યા કે પ્રશ્નોને ઉકેલવા અનુરોધ કરવા માટે આવતા રહ્યા છે. ધારાસભ્યને વિધાનસભામા મળેલા વિશેષ અધિકારની રૂએ કડક કાર્યવાહીની માગણી કરતા સંકલ્પ તૈયાર થયો છે. જેના પર એક કલાક ચર્ચા કરવામાં આવશે.

### ૮ માર્ચ વિશ્વ મહિલા દિનની ઉજવણી...

# શ્રવણ સુખધામ સંસ્થા દ્વારા ગુજરાતી ચિત્રપટ "રાખ" ના પ્રોડ્યુસર શ્રીમતી ડિમ્પલ પ્રજાપતિ નું સન્માન....



અરવલ્લી.સા.કા

મહિલાઓના ઉત્કર્ષ ઉત્થાન અને સ્વાસ્થ્ય માટે હરહંમેશ કાયૅકરતી શ્રવણ સુખધામ સંસ્થા ના આધસ્થાપક શ્રીમતી ઈન્દુ.એસ.કે.પ્રજાપતિ દ્વારા "રાખ" ના પ્રોડ્યુસર શ્રીમતી ડિમ્પલ પ્રજાપતિ (કચ્છ) નું સાબરકાંઠા ની શાન સાફો સન્માન પત્ર કુંભાર રત્ન ચાકડો પુષ્પગુચ્છ શાલ અને સંસ્થાનો ખેસ આપી સન્માન કર્યું હતું ગુજરાતી ચિત્રપટ "રાખ" ફ્રૈકફ્ર - ૨૦૨૨ માં નોમિનેશન થ?ઈ એવોર્ડ પ્રાપ્ત થતાં શ્રવણ સુખધામ સંસ્થા એ વિશ્રૃવ મહિલા દિનની ઉજવણી નાં ભાગરૂપે સન્માન કર્યું હતું "રાખ" ફિલ્મના પ્રોડ્યુસર શ્રીમતી ડિમ્પલ પ્રજાપતિ એ સેનેટરી નેપકીન યુનિટની મુલાકાત લઈ કામગીરી ને બિરદાવી ગ્રામ્ય વિસ્તાર ની દિકરીઓ માટે થતાં સેવાકાર્ય સાથે ઈન્દુ પ્રજાપતિ ને બિરદાવ્યા હતાં ખુબ નાની વયે પ્રજાપતિ સમાજ ની દિકરી શ્રી મતિ ડીમ્પલ પ્રજાપતિ ગુજરાતી ચિત્રપટ નાં પ્રોડ્યુસર તરીકે કામ કરે છે હાલમાં કચ્છમાં બનેલી ફિલ્મ રાખમાં કચ્છી પહેરવેશ સંસ્કૃતિ ને ઉજાગર કરી છે અગાઉ પણ દોસ્તી અન લીમીટેડ યાર ૨૦૧૮ માં બનાવી ચૂક્યા છે અને એમાં પણ પ્રોડ્યુસર તરીકે ની ભૂમિકા અદા કરી છે આમ નાની વયની મહિલા તરીકે જીફા માં એવોર્ડ મેળવતાં ઈન્દુ પ્રજાપતિ એ વિશ્રૃવ મહિલા દિને સન્માન કરી વધુ પ્રગતિના શોપાનો સર કરવા ના આશીર્વાદ સાથે અંતરનો રાજીપો વ્યક્ત કરી શુભેચ્છાઓ પાઠવી હતી પ્રોડ્યુસર ડીમ્પલ પ્રજાપતિ એ પ્રોતાના પ્રવચનમાં જણાવ્યું કે અગાઉ મારી ગુજરાતી ફિલ્મ દોસ્તી અન લીમીટેડ યાર માં દિવ્યાંગ બાળકનું શુટીંગ અને ગીતનાં શુટિંગ માટે સંસ્થા એ મને ખુબ મોટો સહકાર આપ્યો છે મહિલાઓના દરેક કાર્ય માટે અગ્રેસર રહેતી સંસથાનો ખુબ ખુબ આભાર માનું છું કે કચ્છ ની ઘરાપર થી મને માદરે વતન તેડાવી મને સન્માન સાથે પ્રેમ આપ્યો આપ્યો છે આ કાયૅકમ માં સેનેટરી નેપકીન યુનિટ ના મેનેજર કિન્નરી દલવાડી અને રાઈટર હિતેષ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતાં.....અહેવાલ રીપોર્ટ....... હિરેન પ્રજાપતિ.?? અરવલી.સાકા.

### વિશ્રૃવ મહિલા દિન

# પેડવુમન ઈન્દુ પ્રજાપતિ દ્વારા સેનેટરી નેપકીન પેડ નું વિતરણ..

પ્રા.શાળા. મા.શાળા. ઊચ.મા.શાળાઓમા વિતરણ... પાંચ વર્ષ થીં ચાલતું અભિયાન...?

અરવલ્લી.સા.કા શ્રવણ સુખધામ સંસ્થા ના આધસ્થાપક પેડવુમન ઈન્દુ પ્રજાપતિ હરહંમેશ મહિલાઓ અને દિકરીઓ નાં દરેક સેવાકાર્ય માટે એમની પડખે ઊભા હોય છે એ વાત પછી દીકરીઓ મહિલાઓ ના સન્માન ની હોય રોજગારીની હોય કે પ્રોત્સાહિત મોટીવેશન કરવાની હોય કે સ્વાસ્થ્ય ની હોય ૮ માર્ચ વિશ્વ મહિલા દિન તરીકે જાણીતો છે ત્યારે દિકરીઓ નાં સ્વાસ્થ્ય ની કાળજી રાખવા છેલ્લા પાંચ વર્ષથી પેડવુમન મહિલા ઈન્દુ પ્રજાપતિ કમરકશી જાણીતા



બન્યા છે ઈન્દુ પ્રજાપતિ મહિલાઓ અને દિકરીઓ ને નિઃશુલ્ક સેનેટરી નેપકીન પેડ નું શાળાઓમાં વિતરણ કરી રહ્યા છે આજે વિશ્વ મહિલા દિન ની ઉજવણી કરવામાં આવી છે ત્યારે પુનાસણ પ્રા.શાળા બામણા હાઈસ્કૂલ હાથરોલ હાઈસ્કૂલ અને ખુમાપુર હાઈસ્કૂલ માં પેડવુમન ઈન્દુ પ્રજાપતિ એ નિઃશુલ્ક ૫૦૦ ઉપરાંત સેનેટરી નેપકીન પેડ ના પેકેટ નું વિતરણ કર્યું છે દિકરીઓ માસિક ધર્મ નાં કારણે અભ્યાસ થી વિમુખ ન રહે એટલા માટે ગ્રામ્ય દિકરીઓ માટે આ અભિયાન ને શરું કરી ગ્રામ્ય વિસ્તારમાં ઝુંબેશ ઉપાડી સેવા કરે છે સમગ્ર કાયૅકમ ને સફળ બનાવવા માટે સેનેટરી નેપકીન યુનિટ ના મેનેજર કિન્નરી દલવાડી અને ખુમાપુર હાઈસ્કૂલ મદદનિશ શિક્ષક બીરેન પ્રજાપતિ (બુઢેલી) એ ખુબ મોટી જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો....

અહેવાલ... રીપોર્ટ... હિરેન પ્રજાપતિ.. અરવલ્લી.સા.કા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4